પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 09-11-2026 I VOL : 12 I Issue : 235 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

વિશ્વાસ રાખો, શરૂઆત નાની હોય તો પણ અંત મોટો હોઈ શકે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
દિવાળીના તહેવારોમાં નાગરિકોની સુરક્ષા અને આરોગ્ય સેવાઓ સુદ્રઢ

4 
ઈજિપ્તમાં ટ્રેનના 4 ડબ્બા પાટા પરથી ઊતરી જતાં 120 લોકો ઈજાગ્રસ્ત...

6 
'કિંગ'માં ભગવા રંગ પર બબાલ! દીપિકા પાદુકોણના ડ્રેસ સામે સંતોનો વિરોધ

7 

વેલિંગ્ટનમાં વિરાટ કોહલીએ રિકી પોન્ટિંગનો સર્વકાલીન વર્લ્ડ...

એક નજર...

શરવરી વાઘનો લાઈમ ગ્રીન સાડીમાં એલિગન્ટ લુક વાયરલ



અભિનેત્રી શર્વરી વાઘે ગયા વર્ષે બંટી ઔર બબલી 2 થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આજે અભિનેત્રીને કોઈ ઓળખની જરુર નથી. અભિનેત્રી તેના લુકને કારણે પણ ચર્ચામાં રહે છે. આ તસવીરમાં શરવરી વાઘ લાઈમ ગ્રીન રંગની ઓર્ગેન્ઝા સાડી અને પિંક-સિલ્વર એમ્બ્રોઈડરી વાળા ડિઝાઈનર બ્લાઉઝમાં અત્યંત ગ્લેમરસ અને સુંદર નજર આવી રહી છે.

NEWS TRACK

5.7 ની તીવ્રતાના જોરદાર ભૂકંપથી જાપાન હચમચ્યું, 22થી વધુ ઈજાગ્રસ્ત, ભારે અફરાતફરી

જાપાનમાં રવિવારે વહેલી સવારે 5.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ શિઝુઓકા પ્રાંતમાં 40 કિમી ઊંડે હતું. આંચકાને કારણે શિઝુઓકા અને આઈચી પ્રાંતોમાં ભારે અસર થઈ હતી. નાગરિકોમાં દહેશત ફેલાઈ હતી અને ભાગદોડ મચી જતા 22 લોકો ઘાયલ થયા હતા. દુકાનોના કાચ તૂટ્યા અને બુકસ્ટોરમાં પુસ્તકો નીચે પડ્યા. તંત્ર દ્વારા બુલેટ ટ્રેનોની ગતિ ધીમી કરવામાં આવી હતી. ભૂકંપની આપત્તિઓ માટે સંવેદનશીલ ગણાતા જાપાનમાં રવિવારે વહેલી સવારે ભૂકંપના શક્તિશાળી આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 5.7 માપવામાં આવી હતી. સ્થાનિક સમય અનુસાર વહેલી સવારે 1:04 કલાકે આવેલા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ શિઝુઓકા (Shizuoka) પ્રાંતમાં જમીનથી આશરે 40 કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. આ ભયાનક આંચકાને કારણે પડોશી પ્રાંત આઈચી (Aichi) અને શિઝુઓકા સૌથી વધુ પ્રભાવિત થયા છે, જેના કારણે નાગરિકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી અને બચવા માટે દોડાદોડ થતાં 22 લોકો ઘાયલ થયા છે.

નેતન્યાહુના 19 વર્ષના શાસનનો અંત? રાષ્ટ્રપતિએ આઈઝનકોટને સરકાર રચવા આમંત્રણ આપ્યું

ઈઝરાયલના રાજકારણમાં એકમાત્ર મોટું અને ઐતિહાસિક પરિવર્તન જોવા મળી રહ્યું છે. છેલ્લા 19 વર્ષથી સત્તાની ડોર સંભાળતા વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ માટે આ એક ખૂબ મોટો રાજકીય ઝટકો છે. ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગે ઔપચારિક જાહેરાત કરતા વિપક્ષી નેતા અને દેશના ભૂતપૂર્વ સૈન્ય પ્રમુખ (આર્મી ચીફ) ગાદી આઈઝનકોટને સરકાર બનાવવા માટેનું આમંત્રણ પાઠવ્યું છે. તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં કોઈપણ એક ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળી ન હતી. 120 સભ્યોની ઈઝરાયલી સંસદ (નેસેટ) માં નેતન્યાહુની લિકુડ પાર્ટી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી હતી અને તેના ગઠબંધનને 53 બેઠકો મળી હતી, જે સરકાર બનાવવા માટે જરૂરી 61 ના જાદુઈ આંકડાથી 8 બેઠકો દૂર રહી ગઈ હતી. બીજી તરફ, રાષ્ટ્રપતિ સાથેની બેઠક અને પરામર્શ દરમિયાન 67 સાંસદોએ ગાદી આઈઝનકોટના નામની ભલામણ કરી હતી, જેના પગલે રાષ્ટ્રપતિએ તેમને સરકાર રચવાની પહેલી તક આપી છે.


દિવાળી પર્વ નિમિત્તે રાહુલે કહ્યું- આ પર્વ આશાઓનો પ્રકાશ લઈને આવે

વિશ્વભરમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી કરાઇ

UAEના ઉપરાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન રાશિદે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં, તુલસી ગબાર્ડે, શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી તથા વડાપ્રધાન શહબાઝ શરીફે શાંતિ, સમૃદ્ધિ અને અસત્ય પર સત્યના વિજયનો સંદેશ આપતી શુભેચ્છાઓ પાઠવી છે.

નવી દિલ્હી

દેશ અને દુનિયાભરમાં આજે દિવાળીનો તહેવાર ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યો છે. આ પાવન અવસરે વિશ્વભરના અગ્રણી નેતાઓ અને વિદેશી રાજદ્વારીઓએ સૌને શુભેચ્છાઓ પાઠવી છે. નેતાઓએ આ તહેવાર થકી શાંતિ, સમૃદ્ધિ તેમજ અસત્ય પર સત્ય અને અનિષ્ટ પર સારપના વિજયના સંદેશનો ઉલ્લેખ કર્યો છે. અમેરિકાથી લઈને શ્રીલંકા સુધીના વૈશ્વિક નેતાઓએ આ ખાસ પ્રસંગે શાંતિ, આશા અને કરુણાનો સંદેશો



વહેંચ્યો છે. સંયુક્ત આરબ અમીરાત (UAE)ના ઉપરાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતૂમે દિવાળીની શુભકામનાઓ આપતાં જણાવ્યું હતું કે, 'પ્રકાશનો આ પર્વ તમારા જીવનમાં શાંતિ, આશા અને ઉત્તમ બાબતો લઈને આવે તેમજ તમારા દિવસો સુરક્ષા, ખુશી અને સમૃદ્ધિથી ભરેલા રહે. દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ.' અમેરિકન નેતા અને નેશનલ ઈન્ટેલિજન્સના પૂર્વ ડાયરેક્ટર તુલસી ગબાર્ડે પણ શાંતિ અને ખુશીનો સંદેશ આપીને દીપાવલીની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'દિવાળીની ઉજવણી કરી રહેલા તમામ લોકોને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. આ વિશેષ દિવસે અને હંમેશાં આપણે યાદ રાખવું જોઈએ કે ઈશ્વરના પ્રેમમાં તમામ અંધકારને દૂર કરવાની અને આપણા જીવનને પ્રકાશ, શાંતિ તેમજ આનંદથી ભરી દેવાની અદ્ભુત શક્તિ રહેલી છે.' શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ દિવાળીને હિન્દુ સમુદાયના સૌથી પવિત્ર તહેવારોમાંનો એક ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પર્વ અંધકાર પર પ્રકાશ અને અજ્ઞાન પર જ્ઞાનના વિજયનું પ્રતીક છે. ભગવાન કૃષ્ણ દ્વારા રાક્ષસ નરકાસુર પર મેળવેલા વિજયની સ્મૃતિમાં શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના કરે છે.

સરકારી કર્મીની ફરજિયાત નિવૃત્તિ એ કોઇ સજા નથી: સુપ્રીમ

આ પહેલા છત્તીસગઢ હાઈકોર્ટે પણ સરકારના નિર્ણયને માન્ય રાખ્યો હતો

અયોધ્યા

સુપ્રીમ કોર્ટે છત્તીસગઢ સરકારના 4 કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાના આદેશને યોગ્ય ઠેરવ્યો છે. કોર્ટે જણાવ્યું કે, ફરજિયાત નિવૃત્તિ એ કોઈ સજા નથી કે તેનાથી કર્મચારીના વર્તન પર શંકા થતી નથી. રાજ્ય સરકારે જાહેર હિતમાં આ નિર્ણય લીધો હતો. આ પહેલા છત્તીસગઢ હાઈકોર્ટે પણ સરકારના નિર્ણયને માન્ય રાખ્યો હતો. છત્તીસગઢની સરકાર દ્વારા પોતાના ચાર કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ કરાયો હતો જેને



સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો હતો. સાથે જ કહ્યું છે કે ફરજિયાત નિવૃત્તિનો આદેશ કોઈ સજા નથી કે ના તો આદેશના આધારે કર્મચારીના વર્તન પર કોઈ શંકા જાય છે. છત્તીસગઢ સરકારે પોતાના પાંચ કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેતો આદેશ જારી કર્યો હતો, રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે આ કર્મચારીઓની સેવાનું હવે કોઈ જાહેર હિત રહેતું નથ તેથી તેમને નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણયને યોગ્ય ઠેરવતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ફરજિયાત નિવૃત્ત કરી દેવાથી કર્મચારીના ચરિત્ર પર કોઈ જ લાંછન નથી લાગતું. સાથે જ સુપ્રીમે કહ્યું હતું કે ફરજિયાત નિવૃત્ત કરી દેવાના આદેશથી કર્મચારીના વર્તન પર પણ કોઈ જ શંકા નથી જતી, ના તો આવા આદેશને ગેરવર્તનની સજા તરીકે જોવાની જરૂર છે. મુખ્યત્વે એ જોવાનું રહે છે કે ખરેખર જે વ્યક્તિને નિવૃત્ત કરી દેવામાં આવી છે.

PMએ બસ્તરમાં જવાનો સાથે દિવાળી મનાવી

કહ્યું- હથિયારધારી નક્સલીઓ ગયા; હવે માનસિક નક્સલીઓ સામે લડવાનું છે

નવી દિલ્હી

પીએમ મોદીએ રવિવારે છત્તીસગઢના બસ્તરમાં કહ્યું કે હથિયારધારી નક્સલીઓ ચાલ્યા ગયા છે. હવે માનસિક નક્સલીઓ સામે લડવું પડશે. તેમને ઓળખવા પડશે. પીએમએ કહ્યું કે જ્યારે કોઈ દેશની આંતરિક સુરક્ષા મજબૂત હોય છે, ત્યારે બાહ્ય દુશ્મનો સફળ થઈ શકતા નથી. પરંતુ જ્યારે આંતરિક સુરક્ષા નબળી હોય છે, ત્યારે બાહ્ય દુશ્મનો પણ માથું કાઢવા લાગે છે. પીએમએ આ વાત છત્તીસગઢના બસ્તરમાં કોબરા ઓપરેશન્સ બેઝ ખાતે CRPF જવાનોની સામે કહી. તેમણે 42 મિનિટનું ભાષણ આપ્યું હતું. પીએમ સતત 13મી વખત જવાનો સાથે દિવાળી મનાવવા પહોંચ્યા હતા. આ પહેલાં 12 પ્રસંગોએ તેમણે દેશના અલગ-અલગ સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. સૌથી વધુ 3 વખત જમ્મુ-કાશ્મીર ગયા છે. હિમાચલ પ્રદેશ અને લદ્દાખની બે-બે વખત મુલાકાત લઈ ચૂક્યા છે.

રાજનાથ સિંહે ચીન સરહદ નજીક સૈનિકો સાથે ઉજવી દિવાળી

શેરા થાંગ


દેશભરમાં દિવાળીના પાવન પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે રક્ષામંત્રી રાજનાથ સિંહે પણ સરહદ પર તૈનાત ભારતીય સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. આજે તેઓ સિક્કિમમાં ભારત-ચીન સરહદ નજીક આવેલા શેરા થાંગ પહોંચ્યા હતા. અહીં તેમણે સેનાના અધિકારીઓ અને જવાનો સાથે દિવાળીની ઉજવણી કરવાની સાથે મીઠાઈ વહેંચી હતી. આ પ્રસંગે સેનાધ્યક્ષ જનરલ ધીરજ શેઠ અને અન્ય વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. પશ્ચિમ બંગાળના સુકના આર્મી બેઝ પરથી હેલિકોપ્ટર મારફતે શેરા થાંગ પહોંચેલા રક્ષામંત્રીએ નાથુ લા પાસ નજીક આવેલા શેરા થાંગ વૉર મેમોરિયલની મુલાકાત લીધી હતી. અહીં તેમણે 1967ના ભારત-ચીન સંઘર્ષમાં દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સેનાના જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

સોનિયા ગાંધીએ જણાવ્યું કે સંજય ગાંધી પર નિયંત્રણથી નુકસાન ટાળી શકાયું હોત

ઈમરજન્સી લાગુ કરવી એ મોટી ભૂલ હતી, ઈન્દિરા ગાંધીને પણ હતો અહેસાસ: સોનિયા ગાંધી

નવી દિલ્હી

સોનિયા ગાંધીએ 1975ની કટોકટીને મોટી ભૂલ ગણાવી છે. પોતાની આત્મકથા 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'ના વિમોચન પૂર્વે, તેમણે સ્વીકાર્યું કે ઈન્દિરા ગાંધીને પણ પાછળથી આ નિર્ણયની ભૂલનો અહેસાસ થયો હતો. ગાંધી પરિવાર કટોકટી વખતે બે ભાગમાં વહેંચાઈ ગયો હતો, જેમાં રાજીવ ગાંધી વિરોધમાં હતા જ્યારે સંજય ગાંધી સમર્થનમાં હતા. સોનિયા ગાંધીએ જણાવ્યું કે સંજય ગાંધી પર નિયંત્રણથી નુકસાન ટાળી શકાયું હોત. કોંગ્રેસ સંસદીય દળના



અધ્યક્ષ સોનિયા ગાંધીએ વર્ષ 1975માં લાદવામાં આવેલી દેશવ્યાપી કટોકટી (ઈમરજન્સી)ના ઐતિહાસિક નિર્ણયને એક મોટી ગંભીર ભૂલ ગણાવી છે. એક અહેવાલ અનુસાર, સોનિયા ગાંધીએ પોતાની આત્મકથા 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'ના વિમોચન પૂર્વે આ મહત્ત્વપૂર્ણ વાતનો સ્વીકાર કર્યો છે. તેમનું માનવું છે કે તત્કાલીન વડાપ્રધાન અને તેમના સાસુ ઈન્દિરા ગાંધીને પણ પાછળથી આ નિર્ણયની ભૂલનો ખ્યાલ આવી ગયો હતો. સોનિયા ગાંધીએ પોતાના આ પુસ્તકમાં ખુલાસો કર્યો છે કે, ઈમરજન્સી લાદવાના નિર્ણય વખતે ગાંધી પરિવાર બે ભાગમાં વહેંચાઈ ગયો હતો. તેમના પતિ રાજીવ ગાંધી આ કડક પગલાના સખત વિરોધમાં હતા અને તેમણે તેમની માતા ઈન્દિરા ગાંધીને આગામી સામાન્ય ચૂંટણીઓ સુધી રાહ જોવાની વિનંતી કરી હતી.

કોંગ્રેસને મળતા દાનમાં 75%નો ભારે ઘટાડો, ફક્ત એક ટ્રસ્ટના દાનના ભરોસે આખી પાર્ટી

નવી દિલ્હી

દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસ માટે ચૂંટણી પરિણામોની સાથે સાથે હવે નાણાકીય મોરચે પણ કપરા ચઢાણ સાબિત થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી સતત નબળા પડી રહેલા ચૂંટણી પ્રદર્શનની સીધી અસર હવે પાર્ટીને મળતા ફંડ (ડોનેશન) પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ 2025-26ના વાર્ષિક ફંડ રિપોર્ટમાં આ ચોંકાવનારો ખુલાસો થયો છે, જે મુજબ પાર્ટીના ફંડિંગમાં આશરે 75 ટકા જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. રિપોર્ટના આંકડા પ્રમાણે, વર્ષ 2024-25 દરમિયાન કોંગ્રેસને આશરે રૂ.517.4 કરોડનું ફંડ પ્રાપ્ત થયું હતું. પરંતુ તેના આગામી વર્ષ 2025-26માં આ રકમમાં તીવ્ર ઘટાડો આવ્યો છે અને તે ઘટીને માત્ર રૂ.130.7 કરોડ પર પહોંચી ગઈ છે.

પ્રશાંતે બ્રાહ્મણોને સમજાવ્યું વોટિંગ ગણિત: મુસ્લિમોના વિરોધથી ચૂંટણી નહીં જીતાય

દરભંગા

બિહારમાં જનસુરાજ પાર્ટીના સ્થાપક અને રાજકીય રણનીતિકારમાંથી નેતા બનેલા



પ્રશાંત કિશોરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તેઓ બ્રાહ્મણ સમાજને સંબોધિત કરતાં મુસ્લિમ અને બ્રાહ્મણોના વોટના રાજકીય સમીકરણ વિશે વાત કરતા જોવા મળે છે. તેમણે બ્રાહ્મણ સમાજને સમજાવ્યું કે ચૂંટણી જીતવા માટે માત્ર પોતાની વસ્તી કે સમર્થન પૂરતું નથી, પરંતુ અન્ય સમાજના લોકોનો વિશ્વાસ જીતવો પણ જરૂરી છે. અહેવાલ અનુસાર પ્રશાંત કિશોર બિહારના દરભંગા જિલ્લાના મહિનામ ગામમાં બ્રાહ્મણ સમાજના એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અહીં તેમણે કહ્યું કે બ્રાહ્મણ સમાજના દાદા-પરદાદા કોંગ્રેસ સાથે જોડાયેલા હતા અને સમાજના કેટલાક લોકો ધારાસભ્ય પણ રહી ચૂક્યા હતા.

લોકશાહીમાં ચૂંટણી જીતવા માટે સીધું ગણિત છે કે તમને કેટલા મત મળે છે.

કોકરોચ જનતા પાર્ટીએ કોચીમાં SIR વિરુદ્ધ પ્રદર્શન કર્યું

સમગ્ર દેશમાં તિરંગો લઈને જઈશ, જ્યાં ઈચ્છો ત્યાં મારી ધરપકડ કરી લો: અભિજીત દીપકે

જમ્મુ

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ શનિવારે કોચીમાં મતદાર યાદીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વિરુદ્ધ પ્રદર્શન કર્યું. CJPના સ્થાપક અભિજીત દીપકે અને અભિનેતા પ્રકાશ રાજ પણ પ્રદર્શનમાં જોડાયા. પ્રદર્શન માર્ચ મરીન ડ્રાઈવથી શરૂ થઈને રાજેન્દ્ર મેદાન પહોંચી હતી. અહીં જનસભાને સંબોધતાં અભિજીત દીપકેએ કહ્યું કે ધરપકડ છતાં તેઓ સમગ્ર દેશમાં તિરંગો લઈને જવાનું ચાલુ રાખશે.

દીપકેએ નરેન્દ્ર મોદી અને ભાજપ પર આરોપ



લગાવ્યો કે તેઓ લોકોની ખાણી-પીણીની આદતો, ખાનગી સંબંધો અને મત આપવાના અધિકારોને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ, અભિનેતા પ્રકાશ રાજે પ્રદર્શનકારીઓ સાથે 'હમ લેકે રહેંગે આઝાદી'ના નારા લગાવ્યા. હું નરેન્દ્ર મોદીને કહેવા માગું છું કે હું આ તિરંગાને દરેક જગ્યાએ, આ દેશના દરેક ભાગમાં લઈને જઈશ. જો તમે મારી ધરપકડ કરવા માંગતા હો, તો તમે દિલ્હી, મહારાષ્ટ્ર, કેરળ અથવા તમિલનાડુમાં મારી ધરપકડ કરી શકો છો. મારી દેશના દરેક ભાગમાંથી ધરપકડ કરો, પરંતુ હું ફરી પાછો આવીશ અને આ તિરંગો હાથમાં લઈશ. તેઓએ પહેલાં એ નિયંત્રિત કરવા માગ્યું કે તમે શું ખાઓ છો, પછી તમે કોની સાથે લગ્ન કરી શકો છો અને કોને પ્રેમ કરી શકો છો.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

દિવાળી પર્વે વતન જવા મુસાફરોનો ધસારો: STએ 2400 એક્સ્ટ્રા બસો દોડાવી

ગાંધીનગર

દિવાળી અને બેસતા વર્ષના તહેવારોમાં પોતાના વતન જઈ પરિવાર સાથે રોશનીનો પર્વ મનાવવાની ઉત્સુકતા દરેક ગુજરાતીના દિલમાં હોય છે. લાખો પ્રવાસીઓની આ સફર સરળ અને સુવિધાજનક બની રહે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યભરમાં પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમ દ્વારા સામાન્ય અને નિયમિત શિડ્યુલ ઉપરાંત વધારાની અંદાજે 2400 જેટલી એક્સ્ટ્રા બસો રસ્તા પર ઉતારીને 8000 થી પણ વધુ ખાસ ટ્રીપ્સનું સંચાલન કરવામાં આવ્યું છે.તહેવારોના પગલે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિત રાજ્યના તમામ મુખ્ય સેન્ટ્રલ બસ સ્ટેશનો અને ડેપો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રાજ્યના સૌથી મોટા આર્થિક પાટનગર અમદાવાદમાંથી દિવાળીની રજાઓમાં લાખો નોકરિયાત અને વેપારી પરિવારો વતન તરફ પ્રયાણ કરતા હોય છે. પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ ડિવિઝન દ્વારા 2 નવેમ્બરથી અત્યાર સુધીમાં 1800 વધારાની ટ્રીપનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું છે. આ વધારાના ફેરાઓને કારણે હજારો મુસાફરો કોઈપણ મુશ્કેલી વિના સમયસર પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શક્યા છે.

સિહોરના મોટા સુરકા પાસે ઉછીના નાણાં મામલે યુવક પર લાકડીઓ વડે હુમલો

સિહોર

સિહોર તાલુકાના મોટા સુરકા ગામ પાસે રાત્રિના સમયે રૂ. ૪,૦૦૦ના ઉછીના નાણાંની બાબતે બોલાચાલી કરી એક યુવક પર લાકડીઓ વડે ઘાતક હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે.

આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે સિહોર પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી વિગતો અનુસાર, વાવ ગામે રહેતા અને ભાવનગર ખાતે ખાનગી બેંકમાં કલેક્શનની નોકરી કરતા હરેન્દ્રસિંહ દાદભા ગોહિલ (ઉ.વ. ૩૫) નામના યુવકે સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, હરેન્દ્રસિંહે ત્રણ મહિના પહેલાં સેદરડા ગામના વિરમદેવસિંહ પાસેથી રૂ. ૪,૦૦૦ ઉછીના લીધા હતા. આ નાણાં રતનપરના શિવરાજસિંહ ગોહિલે પોતાની પાસે માંગ્યા હતા.ગઈકાલે રાત્રે શિવરાજસિંહે હરેન્દ્રસિંહને ફોન કરી મોટા સુરકા સોનગઢ તરફ આવેલી શિવ પાન નામની બંધ દુકાને મળવા બોલાવ્યો હતો. હરેન્દ્રસિંહ પોતાની બાઇક લઈને ત્યાં પહોંચતા જ શિવરાજસિંહ અને તેની સાથેના અજાણ્યા ત્રણ શખ્સોએ લાકડીઓ સાથે આવી તને શું હવા છે તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

મહુવામાં 23 લાખના સોયાબીન મહારાષ્ટ્ર મોકલવાનો માલ બારોબાર ફુકાવાવ ઉતારી વિશ્વાસઘાત

ભાવનગર

મહુવા માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે રૂ.૨૩ લાખથી વધુની કિંમતના સોયાબીનનો માલ બારોબાર કરી વિશ્વાસઘાત કરવાની ગંભીર ઘટના સામે આવી છે. ધમત એન્ટરપ્રાઇઝના માલિક ધમત ચેતનભાઈ શાહે મહારાષ્ટ્રના ધુલે ખાતે ૨૯,૫૩૦ કિલો સોયાબીન (૬૩૫ કટ્ટા) મોકલવા માટે આર.કે. ટ્રાન્સપોર્ટ મારફતે ટ્રક (જીજે ૩૬ ટી - ૪૪૫૧) ભાડે રાખ્યો હતો. રૂ. ૬૧,૯૫૦ના નક્કી થયેલા ભાડામાંથી રૂ. ૩૦,૦૦૦ એડવાન્સ પણ ચૂકવવામાં આવ્યા હતા.ગત ૧ નવેમ્બરે માલ ભરીને નીકળેલો ટ્રક ધુલે પહોંચવાના બદલે રસ્તામાંથી જ ગાયબ થઈ ગયો હતો. શરૂઆતમાં મોબાઈલ ધારકે ગાડી સુરત પાસે ખરાબ થઈ હોવાનું બહાનું બતાવ્યું હતું, પરંતુ બાદમાં ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. શંકા જતાં ટ્રાન્સપોર્ટરો દ્વારા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ટ્રક ડ્રાઇવર મુકેશ દીલુભાઈ રાઠોડ અને તેના સાગરીતોએ આ સોયાબીન મહારાષ્ટ્ર લઈ જવાના બદલે અમરેલીથી આગળ ફુકાવાવ ખાતે અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી બારોબાર વેચી માર્યો હતો.આ સમગ્ર કૌભાંડ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં મુકેશ રાઠોડ, હરેશ પરમાર અને બે મોબાઈલ નંબરના ધારકો સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને બી.એન.એસ.ની કલમ ૩૧૬(૪), ૩૧૬(૫) અને ૫૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

વન્યજીવોની ચિંતા છોડી સરકારને ફક્ત કમાણીમાં રસ! ગીરના જંગલમાં નવી 100 જીપ્સીનું તોળાતું ભારણ

ગાંધીનગર

રાજ્ય સરકાર અને તેના વન વિભાગ દ્વારા જંગલ અને વન્ય પ્રાણીઓનાં સંરક્ષણની જવાબદારી ભૂલીને ગીરના જંગલોને માત્ર પ્રવાસન ઉદ્યોગનું કેન્દ્ર બનાવવામાં આવી રહ્યું છે. કોઈ પણ જાતના વૈજ્ઞાનિક અભ્યાસ વગર ઉપરથી લેવાઈ રહેલા આડેધડ નિર્ણયોને કારણે ગીરની ઈકો-સિસ્ટમ પર ગંભીર જોખમ ઊભું થયું છે. હાલ સાસણના જંગલમાં પહેલેથી જ ક્ષમતા કરતા વધુ ભારણ છે, ત્યારે હવે વન વિભાગ દ્વારા વધુ 100 જીપ્સીઓનું બર્ડન વધારવાની પેરવી શરૂ કરવામાં આવી છે જેને લઈને સ્થાનિક જીપ્સી સંચાલકો અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. સાસણ ખાતે અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ જંગલ સફારી માટે સામાન્ય દિવસોમાં સવાર, બપોર અને સાંજના સત્ર મળીને કુલ 150 (દર સત્રએ 50) તેમજ વીક-એન્ડ અને તહેવારોમાં કુલ 180 (દર સત્રએ 60) ઓનલાઈન પરમિટો આપવામાં આવતી હોય છે. આ પરમિટો પર અત્યાર સુધી માત્ર સાસણ ગામના સ્થાનિકોની 182 જીપ્સીઓ જ સંચાલન કરતી આવી છે. સરકાર દ્વારા હવે જે નવી પોલિસી અમલમાં મૂકવામાં આવી રહી છે તેમાં સાસણને બાદ કરી, સાસણની આસપાસના 10 કિલોમીટરના સરાઉન્ડિંગ એરિયાના કુલ 21 ગામોમાં 'ડ્રો' પદ્ધતિ દ્વારા નવા વાહનોને મંજૂરી આપવાનું નક્કી કરાયું છે.

ભીમપુરા ગામના રહેણાક વિસ્તારમાં મોડી રાત્રે મગર દેખાતાં ફફડાટ, અનિલભાઈ ચાવડાની ટીમે રેસ્ક્યૂ કર્યો

આમોદ

આમોદ તાલુકાના ભીમપુરા ગામના રહેણાક વિસ્તારમાં મોડી રાત્રે મગર દેખાતાં બાળકો, મહિલાઓ સહિત ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ હતી. દિવાળીના તહેવાર દરમિયાન રાત્રિના સમયે મગર દેખાતાં ગ્રામજનોમાં ફફડાટનો માહોલ સર્જાયો હતો. રાત્રે આશરે એક વાગ્યે ભીમપુરાના સરપંચ દિપસંગ રાઠોડ, કપિલભાઈ જાદવ અને અન્ય આગેવાનો આમોદ નગરમાં ભજનના કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ગામમાં પ્રવેશતાં તેમની નજર મગર પર પડી હતી. તેમણે મગર પર નજર રાખી અનિલભાઈ ચાવડાને જાણ કરી હતી.

આસ્થાના નામે કાળો કારોબાર કે અફવા? : મંદસૌરથી પાલિતાણા સુધી ધર્મ જગતમાં ભૂકંપ

સાગરચંદ્ર સાગર વિવાદથી ખુલી ગઈ ધાર્મિક ટ્રસ્ટોની પોલ, કરોડોના ચઢાવા અને મર્યાદાના સવાલો પર જનતા લાલઘૂમ!

મંદસૌર/પાલિતાણા

ભગવાન મહાવીર સ્વામીએ જે જૈન ધર્મને અહિંસા, અપરિગ્રહ, સંયમ અને ત્યાગના પવિત્ર સિદ્ધાંતો પર સ્થાપિત કર્યો હતો, તે મહાન પરંપરા પર આજે ગંભીર સવાલોના વાદળો ઘેરાયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કથિત વોટ્સએપ ચેટ્સ, ઓડિયો રેકોર્ડિંગ્સ અને તસવીરોએ સમગ્ર જૈન સમાજમાં ભારે હલચલ મચાવી દીધી છે. મામલો હવે માત્ર વ્યક્તિગત વિવાદ પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ સાધુ જીવનની પવિત્ર મર્યાદા, ધાર્મિક સંસ્થાઓની કાર્યપ્ર અને શ્રદ્ધાળુઓના પરસેવાની કમાણીમાંથી અપાતા કરોડો રૂપિયાના દાનની પારદર્શિતા સુધી પહોંચી ગયો છે!



સાધુ જીવનની મર્યાદા પર ડાઘ? વાયરલ ચેટ્સ અને ઓડિયોથી મચી ગયો હાહાકાર

સાધુ જીવન એટલે કે મોહ-માયાથી પર થઈને સંયમ અને આત્માનું કલ્યાણ કરવાનો માર્ગ. પરંતુ આ માર્ગ પર ચાલનારાઓ સામે જ જ્યારે ગંભીર આક્ષેપો ઉછળે, ત્યારે સમાજનું બેચેન થવું સ્વાભાવિક છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી કથિત સામગ્રીમાં કેટલીક મહિલાઓ અને સાધ્વીઓ સાથેના સંબંધોને લઈને ગંભીર સવાલો ઉઠ્યા છે.

આજે સૌથી મોટો સવાલ એ છે કે શું આ વાયરલ સામગ્રીમાં કોઈ સત્યતા છે કે પછી આ ડિજિટલ યુગમાં ટેકનોલોજીનો દુરુપયોગ કરીને કોઈ મોટું ષડયંત્ર રચવામાં આવ્યું છે?

જો આરોપો પાયાવિહોણા હોય તો સંબંધિત પક્ષે સામે આવીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવું જ પડશે, અને જો વાતો સાચી હોય તો પછી આટલી મોટી લાજ-શરમ નેવે મૂકનારાઓ સામે કાર્યવાહી કરવામાં ઢીલ કેમ?

ડિજિટલ ફોરેન્સિક તપાસ કેમ જરૂરી? સાચ અથવા સાજિશનો ખુલાસો થવો જ જોઇએ

આજકાલ એઆઈ (AI) અને મોર્ફિંગ ટેકનોલોજીના જમાનામાં ગમે તેવી ફાજલ કે બનાવટી ચેટ્સ અને ઓડિયો તૈયાર કરવા સહેલા બન્યા છે. તેથી જ આ મામલે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર સ્વતંત્ર ડિજિટલ ફોરેન્સિક એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થવી અનિવાર્ય છે.

ચેટ્સનો અસલી સ્રોત ક્યાંથી છે?

ઓડિયોમાં અવાજ કોનો છે?

શું આ કોઈની પ્રતિષ્ઠા ખતમ કરવા માટેનું કોઈ ષડયંત્ર છે?

આ તમામ રહસ્યો પરથી પડદો ઉઠાવવો એ ન્યાય માટે જરૂરી છે. સમાજ હવે માત્ર ગોળ-ગોળ સ્પષ્ટતાઓ કે આશ્વાસનો સાંભળવા માગતો નથી, પણ નક્કર પુરાવાઓ સાથે જવાબ ઈચ્છે છે!

ખાસ અહેવાલ: કરોડોના ચઢાવા અને ભ્રષ્ટાચારનો હિસાબ કોણ આપશે?

જૈન મંદિરો, તીર્થક્ષેત્રો અને ધાર્મિક સંસ્થાઓમાં ભોળા શ્રદ્ધાળુઓ શ્રદ્ધાથી કરોડો રૂપિયાનું દાન સમર્પિત કરે છે. આ અઢળક સંપત્તિ ધર્મ અને સેવાના નામે વપરાય છે કે પછી ટ્રસ્ટીઓની તિજોરીઓ ભરવા માટે? આ સવાલે હવે ઉગ્ર રૂપ ધારણ કર્યું છે:

સ્વતંત્ર ઓડિટની માંગ: ધાર્મિક ટ્રસ્ટોની આવક અને જાવકનું કોઈ સરકારી કે સ્વતંત્ર એજન્સી દ્વારા કડક ઓડિટ કેમ નથી થતું?

બેંક ખાતાઓ અને સંપત્તિઓની તપાસ: મોટા પાયે થતા નાણાકીય વ્યવહારો અને મિલકતોની ખરીદી પાછળ ક્યા ભંડોળ વપરાય છે તેનો કોઈ હિસાબ છે ખરો?

પદાધિકારીઓની જવાબદારી: અભય ચોપરા જેવા મીડિયા સમન્વયકો અને અન્ય ટ્રસ્ટીઓની ભૂમિકા શંકાના ઘેરામાં કેમ આવી ગઈ છે?

શ્રદ્ધાળુઓએ આપેલું દાન કોઈની બાપદાદાની જાગીર નથી, પણ કરોડો લોકોની આસ્થાની અમાનવીય અમાનત છે! આ અમાનતનો હિસાબ આપવો જ પડશે.

પ્રવચનોના બહિષ્કારની ચીમકી: શું હવે જનતા જાગી ગઈ છે?

મંદસૌરમાં સાગરચંદ્ર સાગરના આગામી પ્રવચનો અને આયોજનો સામે હિન્દુ-જૈન સમાજના કેટલાક જાગૃત વર્ગોએ ખુલ્લેઆમ બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. જ્યાં સુધી દૂધનું દૂધ અને પાણીનું પાણી ન થાય, ત્યાં સુધી આવા આયોજનો કરાવીને ધર્મની મર્યાદા સાથે ખેલ કરવાનો કોઈ હક નથી.

આ કોઈ સામાન્ય વિવાદ નથી, પરંતુ ધર્મની પીઠ પર વાગતો પ્રહાર છે. જો વહીવટી તંત્ર અને ધાર્મિક સંસ્થાઓ આ મામલે આંખ આડા કાન કરશે, તો આ આગ આખા ગુજરાત અને દેશમાં ફેલાતા વાર નહીં લાગે. સમય આવી ગયો છે કે પદ અને પ્રતિષ્ઠાને બાજુ પર મૂકીને સત્યને બહાર લાવવામાં આવે!

રેલવે સુરક્ષા પર મોટો સવાલ!

અમરેલીમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર અસામાજિક તત્વોનો ઘાતક હુમલો

લાઠી-ખીજડિયા વચ્ચે પથ્થરમારાથી કોચનો કાચ તૂટ્યો, મુસાફરોમાં ભારે ફફડાટ

અમરેલી/લાઠી

ગુજરાતના સોશિયલ અને રેલવે પટ્ટા પરથી એક અત્યંત ચકચારી, આઘાતજનક અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. દેશની ગૌરવવંતી અને હાઇ-સ્પીડ પ્રીમિયમ ટ્રેન ગણાતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન હવે અસામાજિક તત્વો અને પથ્થરમારો કરતા ઉપદ્રવીઓની નજરમાં ચડી ગઈ હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના લાઠી પંથકમાંથી પસાર થઈ રહેલી સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેનને નિશાન બનાવીને કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા અચાનક ધોળા દિવસે કે અંધારામાં ઘાતક પથ્થરમારો કરવામાં આવતા રેલવે વિભાગ અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અને રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, સાબરમતીથી ઉપડીને વેરાવળ તરફ જતી હાઇ-સ્પીડ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન જ્યારે અમરેલી જિલ્લાના લાઠી અને ખીજડિયા રેલવે સ્ટેશન વચ્ચેના માર્ગ પરથી પૂરઝડપે પસાર થઈ રહી હતી, તે ટાણે જ અચાનક કેટલાક અસામાજિક તત્વોએ ભેગા મળીને ટ્રેન પર અંધાધૂંધ પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

આ હુમલો એટલો જોરદાર હતો કે પથ્થર સીધો જ ટ્રેનના કોચના કાચ પર અથડાયો હતો, જેના કારણે વંદે ભારત ટ્રેનના કોચનો મજબૂત કાચ પણ ભુક્કો થઈને તૂટી ગયો હતો. ચાલુ ટ્રેને અચાનક થયેલા આ પ્રચંડ ધડાકા અને પથ્થરમારાના કારણે ટ્રેનના અંદર બેઠેલા મુસાફરોના જીવ અચાનક તાળવે ચોંટી ગયા હતા અને ડબ્બામાં ભારે ગભરાટ તેમજ ચીસાચીસ મચી ગઈ હતી.

વંદે ભારત ટ્રેનના કાચ તૂટવાની આ ઘટનામાં સદનસીબે કોઈપણ મુસાફરને સીધી ઈજા પહોંચી ન હતી, અને તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું બહાર આવ્યું છે. જો કે, આ હુમલો જો થોડો વધુ ગંભીર હોત કે કાચની આરપાર કોઈ મુસાફરને વાગ્યું હોત તો મોટી હોનારત સર્જાઈ શકી હોત. દેશની આ સૌથી આધુનિક ટ્રેનો પર વારંવાર થઈ રહેલા પથ્થરમારાની ઘટનાઓથી રેલવે પ્રવાસીઓની સુરક્ષા સામે ફરી એકવાર ગંભીર અને મોટા સવાલો ખડા થયા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લાઠી પોલીસ સ્ટેશનનો કાફલો તથા રેલવે સુરક્ષા દળ (RPF અને GRP) તાત્કાલિક ધોરણે હરકતમાં આવી ગયા હતા. ટ્રેન લાઠી વિસ્તારમાંથી પસાર થતી વેળાએ આ ધૃણાસ્પદ કૃત્ય કયા શખ્સોએ અને શા માટે કર્યું? તેની સઘન તપાસ હાલ હાથ ધરવામાં આવી છે.

રેલવે ટ્રેક આસપાસના સ્થાનિક વિસ્તારોમાં તપાસના ો ગતિમાન કરવામાં આવ્યા છે તેમજ આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ આચરનાર ઉપદ્રવીઓને શોધી કાઢીને તેમના વિરુદ્ધ કડકમાં કડક કાનૂની પગલાં લેવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતા અને મુસાફરોના જાન સાથે ચેડા કરતા આવા તત્વો સામે પોલીસ ક્યારે સપાટો બોલાવે છે તેના પર સૌની મીંડે છે.

નસવાડીમાં આગે ચાર પરિવારોની જિંદગીની જમાપૂંજી છીનવી

ફાયર ફાઈટરની સુવિધાના અભાવે ચાર મકાનો આગમાં ભસ્મીભૂત થયા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ધોળી કોતરડી ગામે મોડી રાત્રે ચાર મકાનોમાં ભીષણ આગ લાગતાં ચારેય મકાનો બળીને ભસ્મીભૂત થઈ ગયાં હતાં. આગની આ ઘટનામાં ચાર પરિવારોની ઘરવખરી, સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત લાખો રૂપિયાની માલમત્તા બળીને ખાખ થઈ જતાં પરિવારો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે.

મળતી માહિતી મુજબ, મોડી રાત્રે ચારેય પરિવારો ઘરમાં ગાઢ નિંદ્રામાં હતા ત્યારે અચાનક મકાનોમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં પરિવારજનો ઘરની બહાર નીકળી ગયા હતા, પરંતુ ઘરમાં રહેલી કોઈપણ વસ્તુ બચાવી શક્યા નહોતા. દિવાળીના પર્વ દરમિયાન બનેલી આ ઘટનાથી ચારેય પરિવારો ઘરવિહોણા બન્યા છે.

આ ઘટનાને પગલે નસવાડી તાલુકામાં ફાયર ફાઈટરની સુવિધાનો અભાવ ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક લોકોના આક્ષેપ મુજબ, નસવાડી તાલુકામાં છેલ્લા દસ વર્ષથી ફાયર ફાઈટરની કાયમી સુવિધા ઉપલબ્ધ નથી. તાલુકામાં જ્યારે પણ આગની ઘટના બને છે ત્યારે છોટાઉદેપુર, બોડેલી અથવા અન્ય સ્થળેથી ફાયર ફાઈટરને બોલાવવાની ફરજ પડે છે. ફાયર ફાઈટર પહોંચે ત્યાં સુધીમાં કલાકો વીતી જતાં આગ વધુ વિકરાળ બની જાય છે અને મોટું નુકસાન થાય છે.



સ્થાનિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે સરકાર દ્વારા વિકાસકાર્યો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવા છતાં નસવાડી જેવા તાલુકા મથકે ફાયર ફાઈટર જેવી પાયાની સુવિધા કેમ ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી?

સ્થાનિક લોકોએ ધારાસભ્ય સામે પણ આક્ષેપો કર્યા છે કે લાંબા સમયથી ધારાસભ્ય હોવા છતાં નસવાડી તાલુકામાં ફાયર ફાઈટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી.

હવે સવાલ એ છે કે આગની આવી ઘટનાઓમાં ગરીબ અને સામાન્ય પરિવારોની મહેનતની કમાણી અને ઘરવખરી બળીને ખાખ થયા બાદ તંત્ર ક્યારે જાગશે? નસવાડી તાલુકાને કાયમી ફાયર ફાઈટરની સુવિધા ક્યારે મળશે? કે પછી આવી દુર્ઘટનાઓ બાદ પણ તંત્ર માત્ર આશ્વાસનો આપીને સંતોષ માનશે?

ચાર પરિવારોની આ દુર્દશા વચ્ચે હવે નસવાડી તાલુકામાં ફાયર ફાઈટરની કાયમી સુવિધા ઊભી કરવાની માંગ ઉઠી છે.

કચ્છના કોડાય પોલીસ મથકે ભૂજ ACBના સપાટા

આઇવા ડમ્પર છોડાવવાના બદલામાં લાંચ લેતો પોલીસ હેડ કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયો

કચ્છ

કચ્છ જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારા અને ખળભળાવતા સમાચાર સામે આવ્યા છે. જનતાની રક્ષા માટે બનેલી ખાખી વર્દી જ્યારે પોતે જ ભ્રષ્ટાચારના રંગે રંગાઈ જાય ત્યારે શું હાલ થાય તેનું ઉત્તમ ઉદાહરણ કોડાય પોલીસ સ્ટેશનમાં જોવા મળ્યું છે. ભુજ એસીબી (ACB) ની ટીમે દીવા તળે અંધારું સાબિત કરતા કોડાય પોલીસ મથકે જ છટકું ગોઠવીને લાંચ લેતા એક પોલીસ હેડ કોન્સ્ટેબલને રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ ધડાકાભેર કાર્યવાહીથી સમગ્ર પોલીસબેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદીના ખનીજ ભરેલા આઇવા ડમ્પર વાહનો કાયદાકીય કાર્યવાહી હેઠળ કોડાય પોલીસ મથક દ્વારા કબજે કરવામાં આવ્યા હતા. આ જપ્ત કરાયેલા વાહનોને છોડાવવા અને આગળ કોઈ કાનૂની મુશ્કેલી ઊભી ન કરવાના બદલામાં પોલીસ હેડ કોન્સ્ટેબલ દ્વારા તોડ પાણી શરૂ કરવામાં આવ્યા હતા. વાહનો છોડાવવા માટે શરૂઆતમાં પૂરા ૨ લાખ રૂપિયાની મસમોટી



લાંચની માંગણી કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ છે. આ મામલે ફરિયાદી અને પોલીસકર્મી વચ્ચે લાંબી રકઝક અને સોદાબાજી ચાલી હતી, અંતે આ સોદો ૧ લાખ રૂપિયામાં નક્કી થયો હતો. જે અંતર્ગત અગાઉ હપ્તા પેટે ૩૦,૩૦૦ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા હતા (નોંધનીય છે કે પ્રાથમિક વિગતો મુજબ ૩૩,૦૦૦ રૂપિયા અગાઉ ચૂકવાયા હતા). જ્યારે બાકીની રકમ ચૂકવવાની બાકી હતી, ત્યારે ભ્રષ્ટ પોલીસકર્મીના મનમાંથી કાયદાનો ડર સંપૂર્ણપણે ગાયબ થઈ ચૂક્યો હતો. લાંચના હપ્તાથી કંટાળીને આખરે પીડિતે એસીબી (ACB) નો સંપર્ક કર્યો હતો. મામલાની ગંભીરતા સમજીને ભૂજ ACB એ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એક ઘાતક અને સચોટ પ્લૉન તૈયાર કર્યો હતો. યોજના મુજબ કોડાય પોલીસ મથક ખાતે જ લાંચની બાકીની રકમ સ્વીકારવાનું નાટક રચાયું હતું. જેવું હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ દલજીભાઈ ચૌધરી (ઉ.વ. ૩૨) એ બાકીના ૩૭,૦૦૦ રૂપિયા સ્વીકાર્યા કે તરત જ છુપાઈને બેઠેલી ભુજ ACB ની ટીમે તિલકસ્વરૂપે ત્રાટકીને તેને દબોચી લીધો હતો. એસીબીના આ ફ્લેશ ઓપરેશન દરમિયાન લાંચની રકમ પણ સ્થળ પરથી જ આખી ઝડપાઈ ગઈ હતી, જેના કારણે ભ્રષ્ટ કોન્સ્ટેબલ પાસે બચવા માટેનો કોઈ રસ્તો નહોતો રહ્યો. આ સમગ્ર સફળ અને રોમાંચક ટ્રેપ ઓપરેશન પોલીસ ઇન્સ્પેક્ટર જે.જે. ચૌધરી અને તેમની કુશળ ACB ટીમ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. ખાખી વર્દીની આબરૂને ધૂળમાં મેળવનારા આવા તત્વો સામે એસીબીની આ લાલ આંખથી ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ચૈતર વસાવા વિરુદ્ધ ફરિયાદ કરનાર ભાજપના નેતા સંજય વસાવા પોતે જ આવ્યા વિવાદના ઘેરામાં

નર્મદા

ગુજરાતના રાજકારણમાં હાલ આદિવાસી પટ્ટામાં ગરમાવો ફેલાવનાર અનેક ઘટનાઓ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. આમ આદમી પાર્ટી (AAP) ના લોકપ્રિય અને તોફાની ધારાસભ્ય ચૈતર વસાવા સામે વન વિભાગના કર્મચારી તરીકે ફરિયાદ નોંધાવીને ચર્ચામાં આવેલા તથા ચૈતર વસાવાને કાનૂની મામલામાં ઘેરનાર ભાજપના નેતા સંજય વસાવા પોતે જ હવે વિવાદોના વંટોળમાં ફસાયા છે! સ્થાનિક સ્તરેથી એક સરપંચ દ્વારા સંજય વસાવા પર અત્યંત ગંભીર આરોપો મૂકવામાં આવતા રાજકીય બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ડેડિયાપાડા અને આસપાસના પંથકમાં ચૈતર વસાવા અને ભાજપના સ્થાનીક નેતાઓ વચ્ચેનો વિવાદ જગજાહેર છે! અગાઉ ચૈતર વસાવા સામે જે કેસમાં કાર્યવાહી થઈ હતી તેમાં ફરિયાદી અથવા મુખ્ય ભૂમિકામાં રહેલા સંજય વસાવા સામે હવે સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ અને અન્ય ગ્રામજનો દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે! આક્ષેપો અનુસાર, સત્તા અને રાજકીય વગનો દુરુપયોગ કરીને સ્થાનિક સ્તરે દબાણ ઊભું કરવામાં આવી રહ્યું છે તેમજ પંચાયતના વિકાસ કાર્યો અને વહીવટી બાબતોમાં અયોગ્ય દખલગીરી કરવામાં આવે છે. સરપંચ દ્વારા ખુલ્લેઆમ ગંભીર આરોપો મૂકવામાં આવતા ચર્ચા જાગી છે કે જે નેતા બીજા પર કાયદાકીય શિખામણો આપતા હતા અને ફરિયાદો કરાવતા હતા, તેઓ ખુદ હવે પારદર્શિતા અને વિવાદોના કેંઠાડામાં આવી ગયા છે. ચૈતર વસાવા અને ભાજપના નેતાઓ વચ્ચેનો આ આંતરવિરોધ હવે માત્ર વ્યક્તિગત લડાઈ રહી નથી, પરંતુ તે નર્મદા અને ભરૂચ પંથકના રાજકારણમાં એક મોટો મુદ્દો બની ગયો છે.

રાજ્યભરની હોસ્પિટલો અને 1494 108 એમ્બ્યુલન્સ બર્ન કેસ માટે સજ્જ

દિવાળીના તહેવારોમાં નાગરિકોની સુરક્ષા અને આરોગ્ય સેવાઓ સુદ્રઢ

સુરત

પ્રકાશના પર્વ દીપાવલી અને નૂતન વર્ષની ઉજવણીના સુભગ અવસરે સમગ્ર રાજ્યમાં નાગરિકોનું આરોગ્ય જળવાઈ રહે અને સ્વાસ્થ્ય સેવાનું કવચ અવિરત રહે તેવા ઉમદા હેતુ સાથે એક મહત્વપૂર્ણ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને સુરત ખાતેથી યોજાયેલી આ બેઠકમાં રાજ્યભરના આરોગ્ય કમિશનર, આરોગ્ય વિભાગની ઉચ્ચ ટીમ, તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ, સિવિલ હોસ્પિટલોના સુપરિન્ટેન્ડન્ટ્સ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના વડાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ બેઠકની શરૂઆતમાં મંત્રીશ્રીએ રાજ્યના તમામ આરોગ્યકર્મીઓ અને તબીબોને દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તહેવારોના આ આનંદના માહોલમાં જો કોઈ અનિચ્છનીય ઘટના કે કટોકટી સર્જાય, તો તેને તાત્કાલિક પહોંચી વળવા માટે અગાઉથી જ સઘન અને મજબૂત આયોજન કરવા પર તેમણે



વિશેષ ભાર મૂક્યો હતો.

મીડિયા સાથેની વાતચીતમાં અને બેઠક દરમિયાન આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, તબીબી વ્યવસાય એ માનવસેવાનો પરમ ધર્મ છે. દીપાવલીના તહેવારો અને વેકેશનના આ સમયગાળા દરમિયાન રાજ્યમાં કોઈપણ સ્થળે અકસ્માત, ફટાકડાથી દાઝવાની ઘટના કે અન્ય કોઈ મેડિકલ ઈમરજન્સી ઊભી થાય, ત્યારે દર્દીઓને તાત્કાલિક અને ગુણવત્તાસભર સારવાર મળવી અનિવાર્ય છે. આથી, મંત્રીશ્રીએ તમામ તબીબો અને હેલ્થકેર સ્ટાફને વેકેશનના દિવસોમાં પણ સેવા અને સમર્પણની ભાવના સાથે સક્રિય રહેવા અને પોતાની ફરજ પર ઉપસ્થિત રહેવા વિશેષ અનુરોધ કર્યો હતો. તહેવારો દરમિયાન ફટાકડા ફોડતી વખતે દાઝી જવાના કિસ્સાઓ, માર્ગ અકસ્માતો કે અન્ય આરોગ્ય વિષયક કટોકટીને પહોંચી વળવા રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં ઈમરજન્સી વોર્ડ, ટ્રોમા સેન્ટર, બ્લડ બેંક અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓને ચોવીસ કલાક (૨૪x૭) કાર્યરત રાખવા સ્પષ્ટ સૂચનાઓ અપાઈ છે.

હોસ્પિટલોમાં પૂરતો તબીબી સ્ટાફ, જીવનરક્ષક દવાઓ, એન્ટી-ઈન્ફ્લેમેટરી ઓઈન્ટમેન્ટ્સ અને અન્ય જરૂરી ઈમરજન્સી વ્યવસ્થાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા માટે તંત્રને ખડેપગે રહેવા તાકીદ કરાઈ છે. આરોગ્યમંત્રીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સીની ૧,૪૯૪ એમ્બ્યુલન્સ ગાડીઓ રાત્રિના સમયે પણ સતત દોડતી રહેશે. તહેવારોના દિવસોમાં ઇમરજન્સી કોલ્સની સંખ્યા વધવાની પૂરેપૂરી સંભાવના હોય છે, જેને ધ્યાનમાં રાખીને ૧૦૮ના કોલ સેન્ટર ખાતે વધારાના કર્મચારીઓની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના સચોટ સંકલન દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમજ સરકારી હોસ્પિટલોમાં બર્ન કેસ (દાઝવાના કિસ્સાઓ) માટે વિશેષ અને આધુનિક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ માટે જરૂરી તમામ દવાઓ અને વિશેષ મેડિકલ સ્ટાફની ઉપલબ્ધતા પણ અગાઉથી જ નક્કી કરી દેવામાં આવી છે. ઈમરજન્સી મેનેજમેન્ટ સર્વિસ (EMS) ૧૦૮ દ્વારા ટેક્નોલોજી અને માળખાકીય સુવિધાઓના આધુનિકીકરણથી નાગરિકો માટે સેવાઓ વધુ સક્ષમ બની છે: દરેક ઈમરજન્સી કોલ માટે સૌથી નજીક ઉપલબ્ધ હોય તેવી યોગ્ય એમ્બ્યુલન્સની સ્વચાલિત ફાળવણી કરવામાં આવે છે. દરેક ઈમરજન્સી કેસનું રિયલ ટાઈમ મોનિટરિંગ થાય છે, જેથી સમયસર પ્રતિસાદ મળવાથી અસરકારક તબીબી મદદ તાત્કાલિક મળી રહે.

દિવાળી પહેલા સુરતમાં અસલી ખેલનો પર્દાફાશ!

દિવાળીના તહેવારો ટાણે સુરત એસઓજીની અખાધ મીઠાઈ વેપારીઓ પર લાલ આંખ: નામચીન મિઠાઈવાળાઓની દુકાનોમાંથી નમૂના સીલ કરીને ખાનગી લેબમાં મોકલાયા

સુરત

પ્રકાશ અને મિઠાઈઓના પર્વ દીપાવલીની રોનક વચ્ચે સુરતમાંથી એક અત્યંત ચોંકાવનારા અને આરોગ્ય સાથે ચેડાં કરતા ખરાબ સમાચાર સામે આવ્યા છે. તહેવારોના આ દિવસોમાં લોકો પોતાના પરિવાર અને સ્વજનો માટે મોંઘીદાટ મિઠાઈઓ અને ફરસાણ ખરીદતા હોય છે, પરંતુ આ જ મીઠાઈઓમાં કેવો ઘાતક ઝેર ભેળવવામાં આવે છે તેનો પર્દાફાશ સુરત પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા કરવામાં આવ્યો છે. સુરત SOG એ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને અખાદ્ય અને ભેળસેળયુક્ત મીઠાઈઓ વેચતા વેપારીઓ સામે લાલ આંખ કરીને સપાટો બોલાવી દીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના અલગ-અલગ વિસ્તારોમાં ગ્રાહકોને શુદ્ધ અને સારી ગુણવત્તાની મીઠાઈઓ આપવાના મોટા-મોટા દાવા કરતી નામાંકિત અને નામચીન મિઠાઈની દુકાનો પર એસઓજીની ટીમોએ અચાનક ત્રાટકીને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તહેવારોના સમયમાં લોક સ્વાસ્થ્ય સાથે થતી ઘોર બેદરકારી અને ગેરકાયદેસર ભેળસેળને ડામવા માટે એસઓજીના અધિકારીઓએ આક્રમક અભિયાન શરૂ કર્યું છે. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા જથ્થામાંથી મિઠાઈ અને માવાના અલગ-અલગ નમૂનાઓ (Samples) લેવામાં આવ્યા છે. આ સેમ્પલોની ગુણવત્તા ચકાસવા માટે તેને તાત્કાલિક ધોરણે અત્યાધુનિક ખાનગી લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે, જેથી અસલિયત બહાર આવી શકે.

જનતાના પૈસાનો હિસાબ ક્યાં?

મોરબીમાં 45 લાખની ગ્રાન્ટ પર પંચાયત પ્રમુખનું સસ્પેન્સ ભરેલું મૌન!

મોરબી

ગુજરાતના મોરબી જિલ્લામાંથી એક અત્યંત ચકચારી અને સવાલોના ઘેરામાં ઊભી કરનાર ઘટના સામે આવી છે. વિકાસના મોટા-મોટા દાવા કરતી પંચાયતો અને સત્તાધીશોની પોલ ખોલતો એક કિસ્સો હાલ મોરબી પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જનતાના પરસેવાની કમાણી અને ટેક્સના કરોડો રૂપિયાના ભંડોળમાંથી ફાળવવામાં આવેલી ૪૫ લાખ રૂપિયાની મસમોટી ગ્રાન્ટ આખરે કઈ જગ્યાએ અને કયા વિકાસના કામોમાં વાપરવામાં આવી? તે અંગેનો સ્પષ્ટ હિસાબ માંગતા જ સ્થાનિક સત્તાધીશોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બનેલી ઘટનાની વિગતો મુજબ, બેબાક અને નીડર પત્રકારો વિપુલ પ્રજાપતિ અને યોગેશ રંગપરિયા દ્વારા સ્થાનિક પંચાયત પ્રમુખ સમક્ષ સીધા અને સચોટ સવાલોનો મારો ચલાવવામાં આવ્યો હતો. પત્રકારોએ પંચાયત પ્રમુખને ખુલ્લેઆમ સવાલ કર્યો હતો કે, 'જનતાના હક્કની રૂપિયા ૪૫ લાખની ગ્રાન્ટ કયા ખાતામાં ગઈ અને કયા વિકાસના કામોમાં તેનો ઉપયોગ થયો? તેનો પૂરેપૂરો હિસાબ આપો!' પરંતુ, નવાઈની વાત તો એ છે કે આટલા પારદર્શક અને લોકહિતના સવાલ સામે પંચાયત પ્રમુખ પાસે કોઈ જ જવાબ નહોતો. પત્રકારોના કેમેરા અને સવાલો આગળ આવતા જ પ્રમુખની બોલતી બંધ થઈ ગઈ હતી અને તેઓ સદંતર મૌન ધારણ કરીને બેસી રહ્યા હતા. જવાબ આપવાનું ટાળીને મૌન સેવવાની આ નીતિએ અનેક શંકા-કુશંકાઓને જન્મ આપ્યો છે. સત્તામાં બેઠેલા પદાધિકારીઓ જ્યારે જનતાના નાણાંના હિસાબ માંગતી વેળાએ આ પ્રકારે ચૂપકીદી સાધી લે,



ત્યારે શંકાની સોય સીધી જ ભ્રષ્ટાચાર અને કૌભાંડ તરફ ચીંધાય છે. મોરબીની આ ઘટના બાદ આસપાસના વિસ્તારો અને ગ્રામજનોમાં ભારે રોષ અને ઉકળાટ જોવા મળી રહ્યો છે. લોકો હવે ખુલ્લેઆમ ચર્ચા કરી રહ્યા છે કે જો ખરેખર કામ થયું હોય, તો હિસાબ આપવામાં આટલો ડર કેમ? શું ૪૫ લાખની આ ગ્રાન્ટ કાગળ પર જ ડૂબાડી દેવામાં આવી છે કે પછી તેમાં મોટો ભપકો કરીને કૌભાંડ આચરવામાં આવ્યું છે?

ભુજના માધાપરમાં SMCનો દારૂના અડ્ડા પર દરોડો: ૩.74.13 લાખનો મુદ્દામાલ જપ્ત, 4 ઝડપાયા અને 16 વોન્ટેડ

ભુજ

પશ્ચિમ કચ્છ-ભુજ જિલ્લાના માધાપર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં SMCએ ભારતીય બનાવટના વિદેશી દારૂના મોટા જથ્થાનો પર્દાફાશ કર્યો છે. સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી. રવિયાની ટીમે ભુજના માધાપર નવાવાસ સ્થિત પાર્શ્વનાથ સોસાયટીમાં કુલદીપસિંહ નટુભા વાઘેલાના બંધ કમ્પાઉન્ડવાળા પ્લોટમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની આશરે ૩૧૧ પેટીમાંથી ૮,૩૪૩ બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.૩૨,૬૩,૦૧૨ થાય છે. આ ઉપરાંત સાત વાહનો, નવ મોબાઈલ ફોન, રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૭૪,૧૩,૬૮૮નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં હરીશકુમાર શ્યામવિરસિંહ જાટ, હરદીપસિંહ પ્રવિણસિંહ ઝાલા, વિશ્વરાજસિંહ ભીખુભા જાડેજા અને અનિલસિંહ લઘુભા જાડેજા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે મુખ્ય આરોપી કુલદીપસિંહ નટુભા વાઘેલા, અમીતકુમાર, રાજીવ સહિત કુલ ૧૬ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે માધાપર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે. ચંદીગઢથી દારૂનો જથ્થો ભરી આપનાર વ્યક્તિ સહિત સપ્લાય અને હેરફેર સાથે સંકળાયેલા અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

જાફરાબાદના ટીંબી ગામે હરેકૃષ્ણ હોસ્પિટલ સામે પાર્ક કરેલી કારમાં ભીષણ આગ

ચાલતા વાહનમાં ધામા નાખતા જોતજોતામાં કાર ભડભડ સળગીને ખાખ!

અમરેલી/જાફરાબાદ

અમરેલી જિલ્લામાંથી એક હૃદય થંભાવી દે તેવી અને દહેશત ફેલાવતી મોટી ઘટના સામે આવી છે. જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય પંથકમાં આવેલા ટીંબી ગામમાંથી એક ચકચારી અકસ્માતના સમાચાર મળી રહ્યા છે, જ્યાં પ્રકાશના પર્વ કે સામાન્ય દિવસોમાં પણ વાહનોની સલામતી સામે ગંભીર સવાલો ઊભા કરતી એક આઘાતજનક દુર્ઘટના ઘટી છે. ટીંબી ગામમાં આવેલી જાણીતી હરેકૃષ્ણ હોસ્પિટલ બરાબર સામે જ શાંતિથી પાર્ક કરવામાં આવેલી એક ચકલતી કારમાં અચાનક અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી, જેણે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, બપોર કે સામાન્ય સમય દરમિયાન હરેકૃષ્ણ હોસ્પિટલની



બરાબર સામે એક કાર પાર્ક કરેલી હતી. અચાનક જ આ વાહનના બોનેટ કે અંદરના ભાગમાંથી કાળા ડિબાંગ ધુમાડાના ગોટા નીકળવાનું શરૂ થયું હતું. શરૂઆતમાં કોઈ સમજે તે પહેલાં તો પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ હતી.

ધૂમાડાના કલહ બાદ અચાનક જ કારના અંદરના ભાગમાંથી આગની ભયાનક જ્વાળાઓ બહાર ફાટી નીકળી હતી. આગ એટલી બધી પ્રચંડ અને ઘાતક હતી કે, જોતજોતામાં આખી કાર ભડભડ સળગીને રાખ (ખાખ) થઈ ગઈ હતી. કારની અંદર રહેલા પ્લાસ્ટિક, એન્જિનના પાર્ટ્સ અને ટાયરો સળગવાના કારણે આસપાસના વિસ્તારમાં મોટો ફફડાટ વ્યાપી ગયો હતો.

ઘટના સ્થળ હોસ્પિટલની બરાબર સામે હોવાથી ક્ષણભરમાં આસપાસના લોકો, રાહદારીઓ અને દર્દીઓના સ્વજનોના વિશાળ ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. કારની અંદર કોઈ ફસાયું તો નથી ને? તે અંગે ભારે ગભરાટ અને અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો. જો કે, આગની આ ભયાનક લપેટો જોઈને કોઈની પણ નજીક જવાની હિંમત ચાલી રહી ન હતી. સદ્ભાગ્યે કોઈ મોટી જાનહાનિ ટળી હોવાની પ્રાથમિક ચર્ચાઓ છે, પરંતુ આગનું આ રૌદ્ર સ્વરૂપ જોઈને સૌ કોઈના રુંવાડા ઉભા થઈ ગયા હતા.

ફ્રી ફાયરની સ્ટોરી ઇન્સ્ટાગ્રામ પર મૂકવાની અદાવતે 16 વર્ષીય સગીર પર ચાર શખ્સોનો હુમલો

વાગરા

વાગરા તાલુકાના નાંદિડા ગામની નવીનગરીમાં મોબાઈલ ગેમની નજીવી બાબતે થયેલી તકરારે મારામારીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. ફ્રી ફાયર ગેમનો શોર્ટ વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકવાની અદાવત રાખીને ગામના જ ચાર શખ્સોએ 16 વર્ષીય સગીર પર હુમલો કરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. નાંદિડા ગામની નવીનગરીમાં રહેતા રાજુ રણછોડ રાઠોડનો પુત્ર રોહિત ગત 5 નવેમ્બર 2026ના રોજ બપોરે મિત્રો વિષ્ણુ, સાગર, અજય અને દીપક સાથે મોબાઈલમાં ગેમ રમી રહ્યો હતો. આ દરમિયાન ગાળો બોલવા બાબતે વિષ્ણુ સાથે તેની બોલાચાલી થઈ હતી. ત્યારબાદ રોહિતે ગેમનો શોર્ટ વીડિયો બનાવી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સ્ટોરી મૂકી હતી. આ સ્ટોરીથી ઉશ્કેરાયેલા વિષ્ણુ રાજુ રાઠોડ, સાગર અરવિંદ રાઠોડ, અજય ગોકુળ રાઠોડ અને દીપક અર્જુન રાઠોડ રોહિત પાસે પહોંચી ગયા હતા. સ્ટોરી કેમ મૂકી તેમ કહી ચારેયએ ગાળો ભાંડી ઢીકાપાટુનો માર માર્યો હતો. પુત્રને બચાવવા દોડી આવેલા પિતા રાજુ અને માતા સાથે પણ હુમલાખોરોએ ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. ચારેય શખ્સો ધમકી આપીને ફરાર થઈ ગયા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત રોહિતને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાતાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કચ્છના ગાંધીધામમાં વગર OTPએ ખેલ થઈ ગયો!


'શ્રી મારુતિનંદન લોજિસ્ટિક્સ'ના યસ બેંકના ખાતામાંથી 8.46 કરોડ સાયબર ઠગો સેરવી ગયા

ગાંધીધામ

ગુજરાતના સાયબર વિશ્વમાંથી અત્યાર સુધીના સૌથી મોટા અને ખળભળાવતા સમાચાર સામે આવ્યા છે. કચ્છના વ્યાપારી હબ ગણાતા ગાંધીધામમાં સાયબર ઠગોએ સુરક્ષાની તમામ દીવાલોને ભેદીને એવો મસમોટો કાંડ આચર્યો છે કે બેંકિંગ સિસ્ટમ અને સુરક્ષા એજન્સીઓ પણ હચમચી ગઈ છે. ગાંધીધામ ખાતે ધમધમતી 'શ્રી મારુતિનંદન લોજિસ્ટિક્સ' નામની નામાંકિત કંપનીના યસ બેંકના કોર્પોરેટ ખાતામાંથી એક-બે નહીં, પરંતુ પૂરા ૮.૪૬ કરોડ રૂપિયા એક જ ઝાટકે ગાયબ થઈ ગયા છે! સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે આટલી મોટી રકમ ઉપડી ગઈ છતાં કંપનીના માલિકો પાસે એક પણ OTP (વન ટાઈમ પાસવર્ડ) આવ્યો નહોતો. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધીને યુદ્ધના ધોરણે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગત ૪ નવેમ્બરના રોજ અચાનક 'શ્રી મારુતિનંદન લોજિસ્ટિક્સ'ના કંપનીના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર બેંકમાંથી પૈસા ઉપડવાના એક પછી એક મેસેજનો ધોધ વછૂટ્યો હતો. મોબાઈલની સ્ક્રીન પર સતત રૂપિયા સફાચટ થવાના મેસેજ જોઈને કંપનીના માલિકો અને સંચાલકોના હોશ ઉડી ગયા હતા.

પગ નીચેથી જમીન સરકી જવાની સ્થિતિ સર્જાતા જ માલિકોએ સમય બગાડ્યા વગર તાત્કાલિક ધોરણે બેંકનો સંપર્ક સાધ્યો હતો અને ખાતું તુરંત જ 'ફ્રીઝ' (બ્લોક) કરવા માટે આજીજી કરી હતી. પરંતુ, બેંક તરફથી પ્રક્રિયામાં થયેલા વિલંબ અને સાયબર ઠગોની અતિ ઝડપી મોડસ ઓપરેન્ડીના કારણે હેકરોએ પોતાનું કામ પૂરું કરી દીધું હતું. સાયબર માફિયાઓ એટલા બધા સફાઈદાર નીકળ્યા કે બેંક ખાતું બ્લોક થાય તે પહેલાં જ તેમણે ધડાધડ ટ્રાન્ઝેક્શન કરવાનું શરૂ કરી દીધું હતું. ઠગોએ માત્ર ટૂંકા સમયગાળામાં કુલ ૨૦૯ (બસો નવ) જેટલા ફાસ્ટ ટ્રાન્ઝેક્શન્સ કરીને કરોડો રૂપિયા અન્ય અજાણ્યા બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આટલા મોટા પાયે પેમેન્ટ ગેટવે કે કોર્પોરેટ એકાઉન્ટમાંથી રકમ સરી જવાથી વ્યાપારી આખામાં ભારે સન્નાટો અને ફફડાટ વ્યાપી ગયો છે. આ કેસમાં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે આટલું સુરક્ષિત કોર્પોરેટ એકાઉન્ટ હોવા છતાં અને વગર ઓટીપીએ આ કરોડોનો ખેલ કેવી રીતે શક્ય બન્યો? પ્રાથમિક તપાસ અને સાયબર નિષ્ણાતોના મતે, આ કોઈ સામાન્ય હેકિંગ નથી પરંતુ હાઈ-ટેક સાયબર ગુનેગારોનું કારસ્તાન છે.









તંત્રી લેખ...


ઓઇલ કૌભાંડનો મોટો ધડાકો!

વાહનોના એન્જિન સાથે ખુલ્લેઆમ ખેલ: ભારત પેટ્રોલિયમ, રિલાયન્સ અને નાયરામાં 25% થી વધુ જ્યારે આઈઓસી અને એચપીસીએલમાં 30% થી વધુ ઇથેનોલની ભેળસેળ ઝડપાઈ!

દેશભરના વાહનચાલકો અને સામાન્ય નાગરિકોના ખિસ્સા પર સીધી તરાપ મારતો અને વાહનોના આયુષ્ય સાથે ચેડાં કરતો એક અત્યંત ચોંકાવનારો તેમજ ખળભળાવતો રિપોર્ટ સામે આવ્યો છે. સરકાર દ્વારા પર્યાવરણ અને ગ્રીન એનર્જીના નામે પેટ્રોલ-ડિઝલમાં ઈથેનોલ મિશ્રણ (Blending) નીતિ અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ પેટ્રોલ પંપો પર ચાલી રહેલા આ કાળા કારોબારે તમામ હદો વટાવી દીધી છે. સામે આવેલા એક સનસનાટીભર્યા લેબ રિપોર્ટ (Lab Report) અનુસાર, દેશની નામાંકિત ઓઇલ કંપનીઓના પંપો પરથી લેવાયેલા ઈંધણના નમૂનાઓમાં નિર્ધારિત મર્યાદા કરતા અનેકગણી વધુ ઇથેનોલની ભેળસેળ પકડાઈ છે, જેના કારણે ઓઇલ સેક્ટરમાં ભારે ભૂકંપ આવી ગયો છે.

કઈ કંપનીમાં કેટલી ભેળસેળ? લેબ રિપોર્ટના ચોંકાવનારા આંકડા

સરકારના નિયમ મુજબ સામાન્ય રીતે વાહનો માટે 'E-20' (૨૦ ટકા ઇથેનોલ મિશ્રણ) ફ્યુઅલની મર્યાદા નક્કી કરવામાં આવી છે, જેથી વાહનના એન્જિનને નુકસાન ન થાય. પરંતુ વાસ્તવિકતા આનાથી તદ્દન વિપરીત અને ડરામણી છે:



પ્રાઈવેટ અને સરકારી બંને દિગ્ગજ કંપનીઓ રડાર પર: ખાનગી અને અગ્રણી ઓઇલ કંપનીઓ જેવી કે ભારત પેટ્રોલિયમ (BPCL), રિલાયન્સ (Reliance) અને નાયરા એનર્જી (Nayara Energy) ના પંપો પરથી લેવાયેલા નમૂનાઓની ચકાસણીમાં E-20 ની મર્યાદા વટાવીને સીધું ૨૫ ટકાથી વધુ ઇથેનોલની ભેળસેળ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

સરકારી મહાકાય કંપનીઓ તો હદ વટાવી ચૂકી છે: જ્યારે બીજી તરફ દેશની સૌથી મોટી સરકારી ઓઇલ કંપનીઓ ગણાતી ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) ની હાલત તો તેનાથી પણ વધુ ગંભીર છે. આ બંને સરકારી કંપનીઓના ઈંધણમાં મર્યાદાના તમામ રેકૉર્ડ તોડીને ૩૦ ટકાથી પણ વધુ ઇથેનોલની ઘાતક ભેળસેળ પકડાઈ છે!

ગાડીઓના એન્જિન બેસી જશે અને માલિકોનું મોંઘેરું નુકસાન થશે!

ઓઇલ કંપનીઓની આ અતિશય નફાખોરી અને મનમાનીના કારણે સીધો ફટકો સામાન્ય જનતા અને વાહનમાલિકોને પડી રહ્યો છે. સામાન્ય કાર, બાઇક કે અન્ય વાહનોના એન્જિન માત્ર ૧૦ થી ૨૦ ટકા (E-10 કે E-20) સુધીના જ ઇથેનોલ મિશ્રણ માટે ડિઝાઇન કરવામાં આવ્યા હોય છે. જ્યારે બજારમાં આ પ્રકારે અંધાધૂંધ ૨૫ થી ૩૦ ટકા કે તેથી વધુ ઇથેનોલ યુક્ત પેટ્રોલ સપ્લાય કરવામાં આવે, ત્યારે તેના ગંભીર દુષ્પરિણામો સામે આવે છે:

૧. વાહનોની એન્જિન ક્ષમતા ઝડપથી ઘટી જાય છે અને વાહન વારંવાર બંધ પડી જવાના પ્રશ્નો સર્જાય છે.

૨. ઇથેનોલ પાણીને ઝડપથી આકર્ષતું હોવાથી એન્જિનના ઇન્ટરનલ પાર્ટ્સ, ફ્યુઅલ પંપ અને ટેન્કમાં કાટ લાગવાની તથા લિકેજ થવાની સંભાવના વધી જાય છે.

૩. અચાનક એન્જિન સીઝ થઈ જવાના કારણે વાહન માલિકોને લાખો રૂપિયાના મરામત ખર્ચનો મોટો આર્થિક ફટકો સહન કરવો પડે છે.

ગ્રાહકોની લૂંટ અને તંત્રની મૌન સ્વીકૃતિ સામે ઉગ્ર રોષ

એક તરફ સરકાર ઇથેનોલ મિશ્રણ દ્વારા વિદેશી ક્રૂડ ઓઇલની આયાત ઘટાડવાના દાવા કરે છે, તો બીજી તરફ ઓઇલ કંપનીઓ અને પંપ સંચાલકો દ્વારા ગ્રાહકોને પૂરા ભાવે અશુદ્ધ અને નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ભેળસેળવાળું પેટ્રોલ પધરાવીને તેમની સાથે ખુલ્લેઆમ છેતરપિંડી કરવામાં આવી રહી છે. ગાડીના માલિકો પેટ્રોલના પૂરા પૈસા ચૂકવે છે છતાં તેમને હલકી કક્ષાનું અને એન્જિન ફાડી નાખે તેવું ઈંધણ મળી રહ્યું છે.

આ લેબ રિપોર્ટ સામે આવ્યા બાદ દેશભરના ઓટોમોબાઈલ એસોસિએશનો અને સામાન્ય ગ્રાહકોમાં ભારે ઉકળાટ જોવા મળી રહ્યો છે. શું કેન્દ્ર સરકાર અને ઓઇલ મંત્રાલય આ મનમાની કરનાર કંપનીઓ સામે કોઈ કડક ફોજદારી અને દંડાત્મક પગલાં ભરશે ખરી? કે પછી ગ્રાહકોના ભોગે આ ભેળસેળનો ખેલ યુગોયુગો સુધી ચાલતો રહેશે? તે એક મોટો સવાલ બની ગયો છે.

- ગ્રુપ એડિટર પવન માકન

ઇતિહાસનું કાળું સત્ય અને માનવતાનું કલંક

અમદાવાદના રાણપુરમાંથી સળગેલી ક્રાંતિની ચિનગારી: મહિને માત્ર 5 રૂપિયાના પગાર પર 'મેલું ઉપાડવા' મજબૂર દલિત મહિલાઓનો અવાજ કેમ બની ગયો હતો ઇતિહાસનો ટર્નિંગ પોઇન્ટ?

અમદાવાદ / રાણપુર

ગુજરાતની ધરતી પરથી અનેક ઐતિહાસિક આંદોલનો અને ક્રાંતિની શરૂઆત થઈ છે, પરંતુ તેમાંય કેટલાક અધ્યાય એવા છે જેને વાંચીને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિના રુંવાડા ઊભા થઈ જાય. વાત ૧૯૯૬ના એ કાળકાળની છે જ્યારે ગુજરાતના પાટનગરથી થોડે દૂર આવેલા અમદાવાદ જિલ્લાના રાણપુર ગામેથી માનવતાને શરમમાં મૂકે તેવી એક અમાનવીય પ્રથા સામે પ્રચંડ વિરોધનો અગ્નિ ભડક્યો હતો. 'માથે મેલું ઉપાડવાની' (મેન્યુઅલ સ્કવેન્જિંગ) જેવી અત્યંત ઘૃણાસ્પદ અને ગુલામીયુક્ત પ્રથા વિરુદ્ધ જ્યારે દલિત મહિલાઓએ અવાજ ઉઠાવ્યો, ત્યારે સત્તાધીશો અને વ્યવસ્થાની ક્રૂરતાના એવા પૃષ્ઠો ખુલ્લા થયા હતા જેણે સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું.

મહિને માત્ર 5 રૂપિયાનો પગાર! રાણપુર ગ્રામ પંચાયતની ક્રૂર મજાક

૨૦મી સદીના અંતિમ દાયકામાં, જ્યારે દુનિયા આધુનિકતા તરફ આગળ વધી રહી હતી, ત્યારે ગુજરાતના રાણપુર ગામની પંચાયત દલિત સફાઈકામદાર મહિલાઓ પાસે માનવમળને હાથેથી સાફ કરાવવાનું અત્યંત અમાનવીય અને ઘાતકી કામ કરાવતી હતી. આ નરક સમાન કામ બદલ તેમને મહેનતાણાના નામે શું આપવામાં આવતું હતું? સાંભળીને કાળજું કંપી જાય તેવી વાસ્તવિકતા એ હતી કે પંચાયત દ્વારા આ મહિલાઓને બદલામાં મહિને માત્ર ૫ (પાંચ) રૂપિયાનો પગાર ચૂકવવામાં આવતો હતો!

૫ રૂપિયામાં પેટ ભરવું તો દૂરની વાત છે, આજના જમાનામાં એક ટંકની ચા પણ નથી આવતી, ત્યારે તે સમયે આ શોષિત પરિવારોની



આર્થિક સ્થિતિ કેટલી કંગાળ અને લાચાર હશે તેની કલ્પના જ ડરામણી છે.

ભૂખ્યા અને અર્ધભૂખ્યાં દિવસો, છતાં ગામલોકોની ગાળો અને તિરસ્કાર

જ્યારે આ અમાનવીય વ્યવસ્થા સામે દલિત મહિલાઓએ હિંમત ભેગી કરીને વિરોધ નોંધાવ્યો અને કામથી ઈનકાર કર્યો, ત્યારે ગામના સવર્ણો અને પંચવટીના ઠેકેદારો દ્વારા તેમના પર અત્યાચારનો સિલસિલો શરૂ કરી દેવાયો હતો. હડતાલ કે વિરોધ પર ઉતરેલી એક પીડિત મહિલાએ પોતાની દયનીય આપવીતી વર્ણવતા અગાઉ કહ્યું હતું કે:

'બબ્બે મહિનાથી અમે ભૂખ્યાં અને અર્ધભૂખ્યાં પડી રહ્યાં છીએ. ગામલોકોને પગે પડીએ છીએ પણ કોઈનું કાળજું કૂણું થતું નથી. ઊલટાનું અમને ભાળીને ગંદી ગાળો ભાંડે છે. અત્યાર સુધી તો ઘરના વાસણો વેચીને કે વ્યાજે દેવું કરીને ચલાવ્યું છે, પણ અમે ક્યાં સુધી આ ગામલોકોની સામે ટકી રહેશું?'

આ શબ્દો માત્ર એક મહિલાની વેદના નહોતી, પરંતુ તે સમયની સામાજિક વ્યવસ્થાના મોં પર એક જોરદાર તમાચો હતો. રોજરોજ અપમાન, સામાજિક બહિષ્કાર અને ભૂખમરાનો સામનો કરવા છતાં આ મહિલાઓએ પોતાની સ્વમાનની લડાઈ છોડી ન હતી.

1996: રાણપુરથી ફૂંકાયેલું વિદ્રોહનું રણશિંગુ

આખરે, ૧૯૯૬ના વર્ષમાં રાણપુર ગામથી 'માથે મેલું ઉપાડવાની પ્રથા'ના સમૂળગા નાબૂદી માટે એક ઐતિહાસિક ચળવળની શરૂઆત થઈ. વર્ષોથી દબાયેલા, કચડાયેલા અને અવાજ વગરના બની ગયેલા વર્ગમાંથી જ્યારે મહિલાઓ બહાર આવી અને પોતાના અધિકારો માટે રસ્તા પર ઉતરી, ત્યારે તેણે રાજ્યભરમાં એક નવો ઇતિહાસ રચ્યો. આ ચળવળે માત્ર રાણપુર પૂરતી મર્યાદિત ન રહીને સમગ્ર ગુજરાત અને દેશભરમાં માનવ અધિકારોના રક્ષકો અને સામાજિક કાર્યકરોનું ધ્યાન ખેંચ્યું હતું. દલિત મહિલાઓની આ અદમ્ય લડતે સાબિત કરી દીધું કે ગુલામીની જંજીરો ગમે તેટલી મજબૂત હોય, પરંતુ જ્યારે નારી શક્તિનો અવાજ બુલંદ થાય છે ત્યારે મોટા મોટા સિંહાસનો પણ ડોલી જાય છે.

રાણપુરની આ ઘટનાએ સામાજિક સમરસતા અને માનવાધિકારોના નામે ચાલતા દંભી પોલાણોની પોલ ખોલી નાખી હતી. આઝાદીના દાયકાઓ પછી પણ જો કોઈ માનવી પાસે આવું હીનકર્મ કરાવવામાં આવતું હોય, તો તે આપણા સહુ માટે આત્મનિરીક્ષણનો વિષય છે. રાણપુરની એ બહાદુર મહિલાઓનો સંઘર્ષ આજે પણ એ વાતની યાદ અપાવે છે કે માનવતાના ભોગે ચાલતી કોઈપણ ક્રૂર પ્રથા સામે અવાજ ઉઠાવવો એ દરેક નાગરિકનું કર્તવ્ય છે.

ઈજિપ્તમાં ટ્રેનના 4 ડબ્બા પાટા પરથી ઊતરી જતાં 120 લોકો ઈજાગ્રસ્ત, ગેઝા વિસ્તારમાં 50 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે



ઈજિપ્તના ગીઝા ગવર્નરેટમાં ૪ નવેમ્બર 2026 ના રોજ અલ આયત વિસ્તારમાં આવેલા ગેઝા ગામ નજીક એક પેસેન્જર ટ્રેનના 4 ડબ્બા પાટા પરથી ઊતરી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ રેલ દુર્ઘટનામાં 120થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતાં જ નાગરિક સુરક્ષા અને ઈમરજન્સી સેવાઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એમ્બ્યુલન્સની તૈનાતી: શરૂઆતમાં આરોગ્ય મંત્રાલય દ્વારા 20 એમ્બ્યુલન્સ મોકલવામાં આવી હતી, પરંતુ અકસ્માતની ગંભીરતાને જોતાં બાદમાં એમ્બ્યુલન્સની સંખ્યા વધારીને 50 કરવામાં આવી હતી.

હોસ્પિટલ એલર્ટ: ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકના બેની સુએઝ ગવર્નરેટની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે ગીઝાની હોસ્પિટલોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.

ટ્રેક ક્લિયરન્સ: પાટા પરથી ઊતરી ગયેલી બોગીઓને હટાવવા અને રેલ માર્ગ પુનઃ શરૂ કરવા માટે રેલવે રિકવરી ક્રેન્સ તૈનાત કરવામાં આવી છે. અકસ્માત અંગે તપાસના આદેશ

ઈજિપ્તના વહિવટી તંત્રએ અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દીધી છે. પોલીસને બનાવ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવા અને પ્રત્યક્ષદર્શીઓ તેમજ ઈજાગ્રસ્ત મુસાફરોના નિવેદનો નોંધવા આદેશ આપવામાં આવ્યા છે.

રિયાધ પર હુથી બળવાખોરોનો મોટો મિસાઇલ હુમલો, ભયાનક વિસ્ફોટોથી ધ્રૂજી ઉઠ્યું સાઉદી અરેબિયા

યમનની રાજધાની સના પર થયેલા હવાઈ હુમલાના એક દિવસ બાદ ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ આજે (8 નવેમ્બર, 2026) સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ તરફ 2 બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી. સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ગઠબંધને જણાવ્યું કે, રિયાધને નિશાન બનાવીને છોડાયેલી આ બંને બેલિસ્ટિક મિસાઈલોને આકાશમાં જ આંતરીને નષ્ટ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહી પહેલાં રિયાધ શહેરમાં ભયાનક ધડાકા સંભળાયા હતા, જેનાથી સમગ્ર વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો હતો રોઈટર્સના અહેવાલ મુજબ, આ વિસ્ફોટોના



થોડા સમય પહેલાં સાઉદી સિવિલ ડિફેન્સ વિભાગે સમગ્ર રિયાધ વિસ્તારમાં ચેતવણી જાહેર કરી હતી. જોકે થોડા સમય બાદ પરિસ્થિતિ કાબૂમાં આવતાં અધિકારીઓએ જાહેરાત કરી કે જોખમ ટળી ગયું છે. સાઉદી ગઠબંધનના જણાવ્યા અનુસાર, રિયાધ અને દેશના દક્ષિણ વિસ્તાર તરફ છોડાયેલી 2 ક્રૂઝ મિસાઈલોને પણ ડિફેન્સ સિસ્ટમ દ્વારા હવામાં જ તોડી પાડવામાં આવી હતી. 8 નવેમ્બરનો આ મિસાઈલ હુમલો એવા સમયે થયો છે જ્યારે માત્ર એક દિવસ પહેલાં જ હુથી નિયંત્રિત યમનના આરોગ્ય મંત્રાલયે દાવો કર્યો હતો કે રાજધાની સના નજીક સાઉદી અરેબિયાની એર સ્ટ્રાઈકમાં ઓછામાં ઓછા 33 લોકો માર્યા ગયા છે. સાઉદી સત્તાવાળાઓએ આ ઘટના અંગે જણાવ્યું છે કે તેઓ સમગ્ર મામલાની તપાસ કરી રહ્યા છે.

સાઉદી અરબે યમનની રાજધાની સના નજીક હુથી વિદ્રોહીઓના નિયંત્રણ હેઠળના વિસ્તારો પર અત્યંત ભીષણ હવાઈ હુમલા કર્યા છે. હુથી સંચાલિત 'સબા' ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, અલ-શરિયા વિસ્તારમાં થયેલા આ ઘાતક હુમલાઓમાં ઓછામાં ઓછા 33 લોકોનાં મોત નીપજ્યાં છે અને 39 જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. રિયાધ એરપોર્ટ પર થયેલા હુમલાના ગણતરીના કલાકો બાદ જ સાઉદી સેનાએ આ જવાબી કાર્યવાહી કરી છે, જે તાજેતરના મહિનાઓમાં બંને પક્ષો વચ્ચે શરૂ થયેલી લડાઈમાં સૌથી મોટા અને ખતરનાક હુમલાઓમાં ગણવામાં આવી રહી છે. આ ભીષણ હુમલા બાદ કાટમાળમાંથી લોકોને બહાર કાઢવા માટે રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જોકે, હુથીઓએ ગંભીર આક્ષેપ કર્યો છે કે સાઉદી લશ્કરી વિમાનોએ બે વાર હુમલો કરીને બચાવ કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓને પણ નિશાન બનાવ્યા હતા. અગાઉ તાઈઝ પ્રાંતના એક બજારમાં થયેલા હુમલામાં 30 લોકોનાં મોત થયા હતા. નોંધનીય છે કે લાંબા સમયના યુદ્ધવિરામ બાદ આ વર્ષે જુલાઈમાં સાઉદી અરબ અને યમનના હુથીઓ વચ્ચે ફરીથી સશસ્ત્ર સંઘર્ષ શરૂ થયો છે, જેના કારણે મધ્ય પૂર્વમાં નવો તણાવ ઊભો થયો છે. આ સ્થિતિ વચ્ચે હુથી સમૂહે પણ સાઉદી અરબની અંદર આવેલા ઓઇલ માળખા, એરપોર્ટ અને સૈનિકોના ઠેકાણાઓને નિશાન બનાવીને બેલિસ્ટિક મિસાઈલો, ક્રૂઝ મિસાઈલો અને ડ્રોન દ્વારા છ મોટા લશ્કરી હુમલા કરવાની જવાબદારી સ્વીકારી છે. હુથી પ્રવક્તા યાહ્યા સારીએ સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યવાહી તાઈઝ અને બની હશિશમાં થયેલા ઘાતક હુમલાના બદલારૂપે કરવામાં આવી છે, જેમાં મોટાભાગના મૃતકો મહિલાઓ અને બાળકો હતા. આ ભયાનક સંઘર્ષે સમગ્ર મધ્ય પૂર્વની શાંતિ સામે મોટો ખતરો પેદા કર્યો છે.

રાજકીય ગલિયારામાં ચકચાર

ઉત્તર પ્રદેશના રાજકારણમાં ખળભળાટ: યોગી આદિત્યનાથને ઘેરવા માટેની કથિત 'ગુજરાતી લોબી'ની રણનીતિની ચર્ચાઓ વચ્ચે SIR અંતર્ગત 1 કરોડ 27 લાખ મતદારોના નામ કપાવાના દાવાઓથી રાજકારણ ગરમાયું

ગાંધીનગર / લખનૌ

દેશના સૌથી મોટા અને રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ ગણાતા ઉત્તર પ્રદેશ (યુ.પી.) ના રાજકારણમાં હાલ અંદરખાને અનેક પ્રકારની ચર્ચાઓ અને રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા હોવાના અહેવાલો વાયુવેગે પ્રસર્યા છે. રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રસમા યુ.પી.માં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના વર્ચસ્વ અને તેમની સ્થિતિને નબળી પાડવા માટે કથિત રીતે 'ગુજરાતી લોબી' દ્વારા કોઈ વિશેષ યોજના ઘડવામાં આવી રહી હોવાની ચર્ચાઓએ રાજકીય ગલિયારામાં ભારે હલચલ મચાવી દીધી છે.

આ ચર્ચાઓ વચ્ચે એવા પણ દાવાઓ સામે આવ્યા છે કે ઉત્તર પ્રદેશમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કે મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ભાજપના જ સમર્થક ગણાતા અંદાજે ૧ કરોડ ૨૭ લાખ જેટલા કોર મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે, જેને લઈને હવે વિરોધ પક્ષોની સાથે-સાથે આંતરિક રાજકારણમાં પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

શું છે સમગ્ર વિવાદ અને ચર્ચાઓનું કેન્દ્ર?

રાષ્ટ્રીય સ્તરે ચર્ચાતા અહેવાલો મુજબ, યુ.પી.ના રાજકીય સમીકરણોમાં જૂથવાદ અને આંતરિક ખેંચતાણ જગજાહેર છે. એવું માનવામાં આવે છે કે ઉત્તર પ્રદેશમાં મજબૂત રાજકીય પકડ ધરાવતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પ્રભાવને મર્યાદિત કરવા માટે વિવિધ સ્તરે રણનીતિઓ ઘડાઈ રહી છે. આ કથિત રણનીતિના ભાગરૂપે વહીવટી અને સંગઠનાત્મક ફેરફારો દ્વારા દબાણ ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેવી અટકળો રાજકીય વિશ્લેષકો લગાવી રહ્યા છે.

જો કે, આ તમામ દાવાઓ અને અટકળો વચ્ચે સત્તાવાર પક્ષ કે કોઈ ઉચ્ચ અધિકારીઓ તરફથી આ પ્રકારની કોઈપણ 'ગુજરાતી લોબી'ની યોજના કે ષડયંત્ર અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. રાજકીય નિષ્ણાતોના મતે, આ માત્ર રાજકીય અફવાઓ અથવા વિપક્ષો દ્વારા ફેલાવવામાં આવતા પ્રચાર (પ્રોપાગન્ડા)નો પણ એક ભાગ હોઈ શકે છે.

૧ કરોડ ૨૭ લાખ કોર વોટર્સના નામ કપાવાના દાવાઓથી ખળભળાટ

આ વિવાદની વચ્ચે સૌથી મોટો અને ચોંકાવનારો મુદ્દો મતદાર યાદીમાંથી મોટાપાયે નામ કમી થવાનો ઉછળ્યો છે. દાવાઓ અનુસાર, ઉત્તર પ્રદેશમાં આગામી રાજકીય સમીકરણોને અસર પહોંચાડી શકે તેવા ભાજપના પારંપરિક અને કોર માનવામાં આવતા અંદાજે ૧ કરોડ ૨૭ લાખ જેટલા મતદારોના નામ એસ.આઈ.આર. (SIR) કે ડેટા સુધારણા દરમિયાન કપાવા પામ્યા છે.

જો આટલી મોટી સંખ્યામાં કોર વોટર્સના નામ મતદાર યાદીમાંથી સફાચટ થઈ જાય, તો તે શાસક પક્ષ માટે પણ ચિંતાનો વિષય બની શકે છે. આ મુદ્દે હવે વિરોધ પક્ષોએ ચૂંટણી પંચ અને સરકાર સામે સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે કે આટલા મોટા પ્રમાણમાં નામો કઈ રીતે અને કયા કારણોસર કમી થયા?

રાજકીય ગરમાવો અને આગામી અસરો


ઉત્તર પ્રદેશના રાજકારણમાં ઉત્તરોત્તર બદલાતી આ પરિસ્થિતિએ દિલ્હીથી લઈને લખનૌ સુધીના રાજકીય માહોલને ગરમ કરી દીધો છે. એક તરફ જ્યાં યોગી આદિત્યનાથની લોકપ્રિયતા અને તેમની કાર્યશૈલી ઉત્તર પ્રદેશમાં અકબંધ છે, તો બીજી તરફ આવી કાલ્પનિક કે કથિત રણનીતિઓની ચર્ચાઓ રાજકારણમાં રસપ્રદ વળાંક લાવી રહી છે. આ મામલે આગામી દિવસોમાં વધુ ખુલાસાઓ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

હોર્મુઝમાં ત્રણ ઓઇલ ટેન્કરોમાં ભીષણ આગ, ઈરાનની અમેરિકાને ખુલ્લી ચેતવણી

ઈરાનના જહાજને નિશાન બનાવાશે તો જોરદાર પલટવાર કરાશે

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાનની IRGCએ દાવો કર્યો છે કે, ત્રણ ઓઈલ ટેન્કરોમાં વિસ્ફોટ બાદ ભીષણ આગ લાગી છે. ઈરાની સેના મુજબ, આ જહાજોએ નિયમોનો ભંગ કરી નેવિગેશન સિસ્ટમ બંધ કરી હતી. IRGCએ અમેરિકાને સીધી ધમકી આપી છે કે, જો ઈરાનના જહાજને નિશાન બનાવાશે તો જોરદાર પલટવાર કરાશે.

આ ઘટના બાદ સમગ્ર દરિયાઈ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં તણાવ ફરી એકવાર અત્યંત ખતરનાક સપાટીએ પહોંચી ગયો છે. ઈરાનની



ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે, આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પરથી પસાર થઈ રહેલા ત્રણ ઓઈલ ટેન્કરોમાં વિસ્ફોટ બાદ ભીષણ આગ લાગી છે. ઈરાની સેનાના જણાવ્યા અનુસાર, આ જહાજોએ નિયમોનું ઉલ્લંઘન કરીને નક્કી કરેલા માર્ગથી અલગ જવાનો પ્રયાસ કર્યો હતો અને પોતાની નેવિગેશન સિસ્ટમ બંધ કરી દીધી હતી. ઘટના બાદ IRGCના પ્રવક્તા મોહબેઈએ અમેરિકાને કડક ચેતવણી આપતાં કહ્યું કે, બંને દેશો વચ્ચે યુદ્ધ ચાલુ છે. જો અમેરિકા ઈરાનના કોઈ જહાજને નિશાન બનાવશે, તો જવાબમાં ઈરાન તેનાથી પણ વધુ તાકાત સાથે જોરદાર પલટવાર કરશે. ઈરાની નૌસેનાએ સ્પષ્ટ કર્યું છે કે, હોર્મુઝમાંથી પસાર થતાં તમામ જહાજોએ ઈરાનના નિયમોનું પાલન કરવું પડશે, અન્યથા આવી ઘટનાઓનો સામનો કરવો પડી શકે છે.



બોગસ દસ્તાવેજોથી હક કમી કરી ₹70 કરોડની છેતરપિંડી

મકરબા ગામની 115 વીઘા જમીનની બોગસ પાવર ઓફ એટર્ની બનાવી મૂળ વારસદારોના નામો કમી કરી નાખ્યાં



અમદાવાદ

અમદાવાદના મકરબા ગામમાં આવેલી 115 વીઘા જમીનમાં મૂળ માલિકો તથા પરિવારના સભ્યોની જાણ બહાર બોગસ દસ્તાવેજો બનાવી 70 કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ખેડૂતે 8 લોકો સામે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ખેડા જિલ્લામાં 54 વર્ષીય અમરતજી ઠાકોર ખેતીકામ કરે છે અને પત્ની અને બે સંતાનો સાથે રહે છે. 2022માં તેમના પિતાજી પ્રતાપજી ઠાકોરનું અવસાન થયું હતું. અમરતજી ઠાકોરના નાના ચુંડાજી બાપુજી ઠાકોરની અમદાવાદ ગ્રામ્યમાં મકરબા ગામની સીમમાં 115 વીઘા જમીન આવેલી હતી, જેની બજાર કિંમત અંદાજે રૂ.70 કરોડ આંકવામાં આવી રહી છે.

2000ની સાલમાં અમરતજીના નાનાનું અવસાન નીપજ્યા બાદ 2003માં દિવાળી પછી અમરતજીના મામા, માસા સહિત ચાર લોકો અમરતજીના ઘરે આવ્યા અને મકરબા વાળી જમીનમાં વારસાઈ કરવાની છે, તેથી કોરા કાગળ પર પર તમારી સહી અને અંગુઠા કરી આપવાનું કહ્યું હતું. પરંતુ અમરતજીએ વારસાઈ ફોર્મ ભરીને લાવો અને તલાટીની રુબરૂમાં સહી કરી આપીશ તેમ જણાવ્યું હતું. આ વાત સાંભળીને ચારેય લોકો પરત જતા રહ્યા હતા. ત્યારબાદ થોડા દિવસ પછી ફરીથી અમરતજીના માસા પ્રહલાદજી ઠાકોર, ગીરીશભાઈ ત્રિવેદી તથા વિપુલ.એચ.રાવલ તમામ ભેગા થઈને અમરતજીના ઘરે આવ્યા હતા. ત્યારે તેમના માસાએ અમરતજીને જણાવ્યું કે, આ બંને એડવોકેટ છે અને ઉપરોક્ત સર્વે નંબરો વાળી જમીનમાં વારસાઈ કરવાની હોવાથી તમારી સહીઓ જોઈએ. આ વારસાઈનું કામ અરજન્ટ કરવાનું હોવાથી તમે સહી અને અંગુઠા કરી આપો. એટલે અમરતજીએ તેમના માસા તથા તેમની સાથે આવેલા લોકોને જણાવ્યું કે, મેં પહેલા પણ કોરા કાગળ પર સહીઓ કરવાથી ઈનકાર કર્યો હતો. તો તમે લોકો ફરીથી કેમ આવ્યા છો. એકાદ મહિનાં બાદ અમરતજીને જણાવા મળ્યું હતું કે, તેમની જાણ બહાર તેમની વડીલો પાર્જીત જમીનમાં વારસાઈમાં કેટલાક લોકોએ નામનો ઉમેરો કરી દીધો છે. આથી જમીનના કાગળીયા અને વારસાઈમાં કોના કોના નામનો ઉમેરો થયો છે તેની તપાસ કરવા તલાટીની ઓફિસે પહોંચ્યા. અહીં જણવા મળ્યું કે, 2023ના ડિસેમ્બરમાં અમરતજી તથા તેમના ભાઈ-બહેનોની સમંતિ લીધા વગર તેમની વારસાઈની જમીનમાં તેમનો હક્ક ઉઠાવી લેવામાં આવ્યો હતો અને અન્ય લોકોનો ઉમેરો પણ કરી દેવામાં આવ્યો હતો. આ અંગે અમરતજી કે તેમના સંબંધીઓ પાસેથી મૌખિક કે લેખિત પરવાનગી લેવામાં આવી ન હતી. એટલે અમરતજીએ આ મામલે મકરબા તલાટીને અરજી આપી હતી, કે અમારી મૌખિક કે લેખિત મંજુરી લીધા કે પરવાનગી લીધા વિના અમારા પરિવારના સભ્યોની ખોટી જનરલ ઓફ પાવર ઓફ એટર્ની તૈયાર કરીને રૂપિયા 70 કરોડની કિમંતની 115 વીઘા જમીન પચાવીને વેચાણ કરી દેવામાં આવી છે. આ મામલે અમદાવાદ સીઆઈડી ક્રાઈમે બાબરજી ચુડાજી ઠાકોર, પ્રહલાદજી કરશનજી ઠાકોર, ગીરીશ ત્રિવેદી, વિપુલ.એચ.રાવલ, ભીખા પરષોતમભાઈ વાઘાણી, ધીરુ વાઘાભાઈ કાકડિયા, ગગજી બાલાભાઈ દેસાઈ અને ડે.કે.વ્યાસ વિરુદ્ધ ઠગાઈની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

જુનાગઢમાં સરકારી અનાજની ઉચાપતનો પર્દાફાશ

SMCના બે સ્થળે દરોડા, ૩.42.32 લાખનો મુદ્દામાલ જપ્ત, 6 ઝડપાયા અને 15 વોન્ટેડ...

જુનાગઢ

જુનાગઢ જિલ્લાના બિલખા અને બાટવા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સરકારી પુરવઠા વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવતા અનાજની ઉચાપતનો SMCએ પર્દાફાશ કર્યો છે. સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વાય. બલોચની ટીમે બિલખાના નાગરેચાવાડીમાં રેલવે ફાટક પાસે શેરી નં.૩માં ઈમ્તિયાઝ હારૂનભાઈ ચૌહાણના મકાનમાં તેમજ બાટવા ટાઉનના તળાવ ગલી નં.૦૮માં દિપક ઉર્ફે દિપુ ઈશુભાઈ



હેમનાણીના મકાન અને ગોડાઉનમાં એકસાથે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ઘઉં, ચોખા, તુવેર દાળ, બાજરી, ચણા, સોયાબીન સહિતનો અનાજનો જથ્થો મળી કુલ રૂ.૩૦,૩૫,૬૩૪નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ ઉપરાંત ચાર વાહનો રૂ.૧૧.૩૫ લાખ, સાત મોબાઈલ ફોન રૂ.૫૧ હજાર, ચાર ઈલેક્ટ્રોનિક વજનકાંટા રૂ.૮ હજાર, રોકડા રૂ.૨,૫૦૦ અને એક કાચી બિલબુક સહિત કુલ રૂ.૪૨,૩૨,૧૩૪નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ મામલે પોલીસે છ આરોપીઓ ઈમ્તિયાઝ હારૂનભાઈ ચૌહાણ, મુસ્તાકભાઈ ગફારભાઈ ચૌહાણ, રાજકુમાર ઉર્ફે બબલો નંદલાલ આહુજા, સુનીલકુમાર તીરથભાઈ પહેલા જાણી, કિરણ રવજીભાઈ સોલંકી અને વેજાભાઈ બીજલભાઈ અખીયાની ધરપકડ કરી છે. જ્યારે અમીન જીકરભાઈ ચોટલીયા, ફિરોઝ બોદુભાઈ માલવીયા, ઈરફાન સિતારભાઈ કાળવતર, દિપક ઉર્ફે દિપુ ઈશુભાઈ હેમનાણી સહિત કુલ ૧૫ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ પ્રકરણમાં બિલખા પોલીસ સ્ટેશન અને બાટવા પોલીસ સ્ટેશનમાં આવશ્યક ચીજવસ્તુ ધારા તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ બે અલગ-અલગ ગુના નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સાધલીમાં પાણી પુરવઠા બોર્ડની પાઇપલાઇન લીકેજ થતાં હજારો લિટર પાણીનો બગાડ, જોનાર કોઇ નથી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા હેડ કવાર્ટર બનાવવામાં આવેલ છે. અને શિનોર તાલુકાના 41 ગામો અને 2 નર્મદા વસાહતમાં પીવાનું પાણી પુરુ પાળવામાં આવે છે. સાધલી થી ટીંબરવા ગામને પાણી પૂરું પાડવા માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પાઇપલાઇન અને વાલ્વ નાખવામાં આવેલા છે. સાધલી મુકામે ટીંબરવા રોડ ઉપર મોટું સ્મશાન આવેલ છે, અને તેની બાજુમાં તલાવડી આવેલ છે. આ તલાવડી અગાઉ ચોમાસું પૂરું થયા પછી તરત ખાલીખમ સુકી થઈ જતી હતી. પરંતુ પાણી પુરવઠા બોર્ડ દ્વારા ટીંબરવા મુકામે પાણી લઈ જવા માટે નાખેલ પાઇપલાઇન લીકેજ હોય કે તેનો વાલ ખરાબ હોય, કે અન્ય કારણોસર આ



તલાવડીમાં પાણીનો પ્રવાહ પાઇપલાઇન માંથી સતત આવી રહ્યો છે અને પાણી પુરવઠા બોર્ડની નિષ્કાળજી અને બેદરકારીના કારણે દરરોજ હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. સરકાર એક તરફ કહે છે પાણીનો બચાવ કરો, જળ એ જીવન છે, ટીંપે ટીંપે સરોવર ભરાય... જ્યારે સાધલી ગામે આવેલ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ની સદંતર બેદરકારીના કારણે અને પીવાના પાણીની લાઈનો ઉપર જરૂરી દેખરેખ ના રાખવાના કારણે હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે. સાધલી મુકામે આવેલ આ તલાવડી હાલ પાણી પુરવઠા બોર્ડની પાઇપલાઇન માંથી પાણી સતત આવવાથી ભરાઈ રહી છે અને સતત પાણીનો ભરાવો થવાના કારણે તલાવડી નું સંપૂર્ણ પાણી દૂષિત થઈ ગયેલ છે ,પાણીનો કલર પણ આ તલાવડીમાં દૂષિત થવાથી લીલો થઈ ગયો છે અને જો આ જ દૂષિત પાણી પાણી પુરવઠા બોર્ડની લીકેજ પાઇપલાઇન માં જશે તો ભયંકર રોગચાળો ઉભો થવાની દહેશત ઊભી થયેલ છે. તો તેવા સમયે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડ તાત્કાલિક ટીંબરવા જતી આ પાઇપલાઇનની મરામત કરાવે અને વહી જતા પાણીનું લીકેજ બંધ કરાવે એવી જાહેર હિતમાં માંગ છે.

SMVS હોસ્પિટલમાં મહિલા કર્મચારીની બેગમાંથી કોમન ક્રેટ સાપ નીકળ્યો: કર્મચારીઓમાં મોડી રાત્રે દોડધામ

ગાંધીનગર

ગાંધીનગરમાં SMVS હોસ્પિટલમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. હોસ્પિટલના બેઝમેન્ટમાં એક મહિલા સ્ટાફ મેમ્બરની બેગમાંથી ઝેરી સાપ ઘૂસી જતાં ત્યાં હાજર કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો. જો કે, સમયસૂચકતા દાખવી પર્યાવરણપ્રેમી પ્રદીપ સોલંકીને જાણ કરવામાં આવતાં તેમણે સ્થળ પર પહોંચી સાપનું સુરક્ષિત રેસ્ક્યૂ કર્યું હતું.

શનિવાર, 7 નવેમ્બરના રોજ મોડી રાત્રે આશરે 2 વાગ્યે SMVS હોસ્પિટલના બેઝમેન્ટમાં મહિલા કર્મચારીની બેગમાં સાપ જોવા મળ્યો હતો. બેગમાં સાપ હોવાની જાણ થતાં જ આસપાસના સ્ટાફ મેમ્બર્સ ગભરાઈ ગયા હતા. ત્યારબાદ પર્યાવરણપ્રેમી પ્રદીપ સોલંકીને બોલાવવામાં આવ્યા હતા. પ્રદીપ સોલંકીએ સ્થળ પર પહોંચીને બેગની તપાસ કરતાં તેના સાઇડના ખાનામાં કાળોતરો (કોમન ક્રેટ) સાપ હોવાનું જણાયું હતું. કાળોતરો ભારતની મુખ્ય ચાર ઝેરી સાપની પ્રજાતિઓમાંની એક છે અને તેનું ઝેર અત્યંત ઘાતક માનવામાં આવે છે. આ સ્થિતિમાં કોઈને નુકસાન ન થાય તે રીતે પ્રદીપ સોલંકીએ સાવચેતીપૂર્વક સાપને બેગમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ તેને સુરક્ષિત રીતે કુદરતી જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. રાત્રિના સમયે હોસ્પિટલમાં બનેલી આ ઘટનાએ સ્ટાફ મેમ્બર્સમાં ભારે આશ્ચર્ય અને ગભરાટ ફેલાવ્યો હતો. આ અંગે પ્રદીપ સોલંકીએ કહ્યું કે, હોસ્પિટલના બેઝમેન્ટમાં સ્ટાફ કર્મચારીઓની પાંચ બેગ પડી હતી. અને સુપરવાઈઝર સહિતના ત્રણેક કર્મચારીઓ બેઝમેન્ટમાં બેઠા હતા.

સુપ્રસિદ્ધ મહુડી ધામમાં ભક્તિનો ઉમંગ

ભગવાન ઘંટાકર્ણ મહાવીરના વાર્ષિક હોમ-યજ્ઞ અને પ્રક્ષાલ વિધિમાં ભક્તોનો ઘોડાપૂર ઉમટ્યું

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં આવેલું પ્રસિદ્ધ જૈન તીર્થધામ મહુડી આજે શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો છે. વીર શિરોમણી ભગવાન ઘંટાકર્ણ મહાવીર દેવના દરબારમાં વાર્ષિક પરંપરાગત વિશેષ હવન અને પ્રક્ષાલ વિધિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વર્ષમાં માત્ર એક જ વાર યોજાતા આ અતિ મહત્વપૂર્ણ હોમ-યજ્ઞમાં ભાગ લેવા અને દાદાના દર્શન કરી ધન્યતા અનુભવવા વહેલી સવારથી જ ગુજરાત સહિત દેશ-વિદેશથી હજારો જૈન પરિવારો અને ભક્તોનું મહેરામણ મહુડી ધામ ખાતે ઉમટી પડ્યું છે.

આ પવિત્ર દિવસે મહુડી ખાતે એક અત્યંત દિવ્ય અને દુર્લભ વિધિ સંપન્ન થાય છે. ભગવાન ઘંટાકર્ણ મહાવીરની પ્રતિમા પરથી જૂનું સોનાનું વરખ ઉતારીને નવું ચળકતું સોનાનું વરખ ચડાવવામાં આવે છે. આ પ્રક્ષાલ વિધિ દરમિયાન પ્રતિમા પરથી જૂનું સોનાનું વરખ ઉતારાયા બાદ નવું વરખ ચડે તે પહેલાં ભક્તોને દાદાની મૂળ પ્રતિમાના સોનાના વરખ વગરના અલૌકિક દર્શન થાય છે. આખા વર્ષમાં માત્ર કાળી ચૌદસના આ ચોક્કસ સમયે જ ભગવાનના આવા નિરામય રૂપના દર્શનનો લહાવો મળતો હોવાથી શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

યજ્ઞ પ્રારંભ થતાં જ સમગ્ર મંદિર પરિસર મંત્રોચ્ચાર અને ઘંટારવના નાદથી ગુંજી ઉઠ્યો હતો. પરંપરા મુજબ હવન દરમિયાન બલિદાન અને આહુતિ આપતી વખતે કુલ 108 વખત ભારે ઘંટારવ કરવામાં આવે છે. આ દિવ્ય ઘંટારવની સાથે સાથે શ્રદ્ધાળુઓ ભગવાન ઘંટાકર્ણ મહાવીરના ચમત્કારિક મંત્રનો 108 વાર જાપ કરે છે. આ વિશિષ્ટ વિધિ વખતે ભક્તો રક્ષાસૂત્ર એટલે કે નાડાછડીમાં 108 ગાંઠ બાંધે છે.

એવી મક્કમ શ્રદ્ધા અને માન્યતા છે કે આ રીતે સિદ્ધ કરેલી નાડાછડી ધારણ કરવાથી વર્ષ દરમિયાન તમામ પ્રકારના ભય, સંકટો, આધિ, વ્યાધિ અને ઉપાધિ સામે રક્ષણ મળે છે અને સુખ-સમૃદ્ધિનો વાસ થાય છે. આ પાવન પર્વે ભક્તોએ દાદાને પ્રિય એવા પ્રસિદ્ધ સુખડીનો પ્રસાદ ધરાવીને પૂજા-અર્ચના કરી હતી. સમગ્ર તીર્થધામમાં સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક પ્રશાસન દ્વારા વ્યાપક ઈન્તઝામ કરવામાં આવ્યા છે. ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને દર્શન માટે વિશેષ લાઈનો અને મંડપો બાંધવામાં આવ્યા છે. વાતાવરણમાં વ્યાપ્ત ધૂપ-દીપની સુવાસ, વેદોક્ત મંત્રોચ્ચાર અને 'જય ઘંટાકર્ણ'ના નારાઓથી મહુડી ધામ સંપૂર્ણપણે શ્રદ્ધામય બની ગયું છે.

ગુજરાત યુનિ.ના 19મા VC ડૉ. પૃથુલ દેસાઈએ ચાર્જ સંભાળ્યો

4 મહિના બાદ કાયમી કુલપતિ મળ્યા, કહ્યું- A+માંથી A++ ગ્રેડ સુધી લઈ જવાનો લક્ષ્યાંક; પરિણામ વહેલું કરવા પ્રયાસ કરાશે

ગાંધીનગર

ગુજરાત યુનિવર્સિટીના 19માં કુલપતિ તરીકે ડૉ. પૃથુલ દેસાઈએ આજે (8 નવેમ્બર) વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાનો 30 જૂનના કાર્યકાળ પૂર્ણ થયો હતો. જે બાદ કાયમી કુલપતિની નિમણૂક ન થાય ત્યાં સુધી ડૉ. જગદીશ જોશીને ઈન્ચાર્જ કુલપતિ બનાવવામાં આવ્યા હતા.

જો કે હવે સરકારે સુરતની પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજના આચાર્ય અને ફિઝિક્સના સિનિયર અધ્યાપક ડૉ. પૃથુલ દેસાઈની પાંચ વર્ષની ટર્મ માટે નિમણૂક કરવામાં આવી હતી. આજે રવિવાર હોવા છતાં કુલપતિ તરીકે ડૉ. પૃથુલ દેસાઈએ વિધિવત રીતે ચાર્જ



સંભાળ્યો છે. એટલે કે અંદાજે ચાર મહિના બાદ સરકારે RSS સાથે સંકળાયેલા વધુ એકની યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક કરી છે. ચાર્જ સાંભળ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ.પૃથુલ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાતી યુનિવર્સિટી અત્યારે A+ ગ્રેડ ધરાવે છે, જો કે મારી પ્રાથમિકતા છે કે તેને A++ સુધી લઈ જવી છે.

પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય 'રાજીવ ગાંધી ભવન' ખાતે પરંપરાગત ચોપડા-લક્ષ્મી પૂજન સંપન્ન

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ રાજ્યની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે કરી પ્રાર્થના

અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દર વર્ષની પરંપરાને જાળવી રાખ આજે આસો વદ અમાસના પવિત્ર અને શુભ દિવસે અમદાવાદના પાલડી સ્થિત પ્રદેશ કાર્યાલય 'રાજીવ ગાંધી ભવન' ખાતે ભવ્ય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં દિવાળી ચોપડા અને મહાલક્ષ્મી પૂજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ સંસ્કૃતિ અને પરંપરા મુજબ યોજાયેલા આ ધાર્મિક અનુષ્ઠાનમાં કોંગ્રેસ પરિવારના અગ્રણીઓ ઉત્સાહભેર જોડાયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાના વરદ્ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ, વૈદિક મંત્રોચ્ચાર અને દીપ પ્રાગટ્ય સાથે માતા મહાલક્ષ્મી તથા ચોપડાનું વિધિવત્ પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

નૂતન વર્ષના પ્રારંભ પૂર્વે વેપાર-ધંધા અને આર્થિક સમૃદ્ધિના પ્રતીક સમાન આ પૂજન વિધિમાં કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વિવિધ ફ્રન્ટલ સંગઠનોના પદાધિકારીઓ, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં પ્રદેશ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી. પૂજન દરમિયાન સમગ્ર ભવન રોશની અને દીવાઓના પ્રકાશથી ઝગમગી ઉઠ્યું હતું. આ પાવન અવસરે પ્રદેશ પ્રમુખ શ્રી અમિત ચાવડાએ ઉપસ્થિત સૌ પત્રકારમિત્રો અને નાગરિકો સાથે દિવાળીની હાર્દિક શુભેચ્છાઓની આપ-લે કરી હતી. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે,



દિવાળીનો આ પાવન પર્વ માત્ર રોશની અને ફટાકડાનો તહેવાર નથી, પરંતુ તે જીવનમાંથી અંધકાર અને નિરાશાને દૂર કરી આશા, વિશ્વાસ, સદભાવના અને નવો સૂર્યોદય લાવવાનો અદભુત અવસર છે. શ્રી અમિત ચાવડાએ વધુમાં ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'આજના પવિત્ર દિવસે હું માતા મહાલક્ષ્મીજીના ચરણોમાં પ્રાર્થના કરું છું કે આપણો દેશ અને આપણું ગુજરાત ઉત્તરોત્તર પ્રગતિ કરે. આપણા રાજ્યના અન્નદાતા ખેડૂતો, આશાસ્પદ યુવાનો, મહેનતુ વેપારીઓ અને સમાજના ગરીબ તેમજ વંચિત વર્ગ સહિતના દરેક નાગરિકના ઘરમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને અન્ન-ધનનો ભંડાર હંમેશાં ભરેલો રહે.' તેમણે ઉમેર્યું હતું કે પરસ્પર પ્રેમ, ભાઈચારો, એકતા અને સામાજિક સમરસતાની ભાવના વધુ મજબૂત બને તથા આપણું ગુજરાત વિકાસના નવા શિખરો સર કરે તેવી હૃદયપૂર્વકની કામના છે.

અંકલેશ્વર-વાલિયા માર્ગે 3 બાઇક અથડાઈ: 1 યુવાન ગંભીર રીતે ઇજાગ્રસ્ત



અંકલેશ્વર

વાલિયા-અંકલેશ્વર માર્ગ પર રુદ્રાક્ષ રેસિડેન્સી નજીક ત્રણ બાઇક અથડાતાં એક યુવાન ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઇજાગ્રસ્ત યુવાનને સારવાર માટે 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. 108ની ટીમે તેને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.

અકસ્માતને પગલે વાલિયા-અંકલેશ્વર માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો. વાહનોની અવરજવર ધીમી પડતાં વાહનચાલકોને મુશ્કેલી પડી હતી.

ટેક્સટાઇલ ઉદ્યોગ પર કેન્દ્ર સરકારનો સપાટો!

કાપડના એક-એક મીટરના ઉત્પાદનનો હિસાબ આપવો પડશે નહીં તો સબસિડી સફાચટ!

સુરત

ભારતના સૌથી મોટા અને ગતિશીલ ગણાતા ટેક્સટાઇલ (કાપડ) ક્ષેત્ર પર હવે કેન્દ્ર સરકારનું શિકંજા સખત બની રહ્યું છે. દેશભરના ટેક્સટાઇલ ઉદ્યોગ પર વહીવટી પકડ વધુ મજબૂત કરવા અને કરોડોની સરકારી સબસિડીમાં પારદર્શિતા લાવવા માટે કાપડ મંત્રાલય દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક કવાયત શરૂ કરવામાં આવી છે. મંત્રાલય દ્વારા ઉદ્યોગોની વાસ્તવિક ઉત્પાદન ક્ષમતા અને આઉટપુટનો પારદર્શક ડેટાબેઝ તૈયાર કરવા માટે 'ટેક્સટાઇલ સ્ટેટિસ્ટિકલ રિટર્ન સિસ્ટમ' (TSRS) પોર્ટલ સત્તાવાર રીતે કાર્યરત કરી દેવામાં આવ્યું છે. આ નવા નિયમથી ખાસ કરીને સુરત અને ગુજરાત સહિત દેશભરના નાના અને મધ્યમ કદના ટેક્સટાઇલ કારખાનેદારો પર કમ્પ્લાયન્સ (પાલન) નો મોટો બોજ આવી ગયો છે. કાપડ મંત્રાલય દ્વારા ફરજિયાત કરવામાં આવેલી આ નવી સિસ્ટમ પાછળ સરકારના હેતુઓ એકદમ સ્પષ્ટ છે. અત્યાર સુધી કાપડ ઉદ્યોગમાં ઉત્પાદનના આંકડાઓ બાબતે અસ્પષ્ટતા રહેતી હતી, જેને ડામવા માટે TSRS ડેટા અનિવાર્ય કરાયો છે: બોગસ સબસિડી દાવાઓ પર કાયમી રોક: અત્યાર સુધી અનેક એકમો વાસ્તવિક ઉત્પાદન વગર કે ક્ષમતા કરતા અનેકગણી વધુ સબસિડી મેળવી લેતા હતા. હવે TSRS પોર્ટલના કારણે આવા બોગસ દાવાઓ પર સીધો કંટ્રોલ આવશે અને પારદર્શિતા જળવાશે. ઈ-વે બિલ અને જીએસટી (GST) ક્રોસ-ચેક: મંત્રાલય પાસે હવે દરેક યુનિટના માસિક ઉત્પાદનનો સત્તાવાર આંકડો ઉપલબ્ધ રહેશે. આનાથી ઈ-વે બિલ અને જીએસટીના ડેટા સાથે ઉત્પાદનને ક્રોસ-ચેક કરીને ટેક્સ ચોરી કરતા તત્વોને સહેલાઈથી પકડી શકાશે. સરકારી યોજનાઓનો સીધો લાભ: ભવિષ્યમાં કાપડ મંત્રાલયની કોઈપણ ટેકનોલોજી અપગ્રેડેશન સ્કીમ્સ, સબસિડી અથવા આર્થિક પ્રોત્સાહનોનો લાભ માત્ર અને માત્ર તે જ એકમોને મળશે જેઓ TSRS પોર્ટલ પર નિયમિત રિટર્ન ભરતા હશે. વેપારી આલમ અને અગ્રણી સંસ્થાઓના જણાવ્યા અનુસાર, જો કાપડ ઉદ્યોગકારોએ સમયસર આ પોર્ટલ પર રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું અને નિયમિત રિટર્ન ભરવાનું શરૂ નહીં કર્યું, તો ભવિષ્યમાં તેમને મોટો આર્થિક ફટકો પડી શકે છે. નિયમિત રિટર્ન નહીં ભરનારા કે નિયમોની અવગણના કરનારા એકમો સામે સરકારી ધોરણે કાનૂની કાર્યવાહી પણ થઈ શકે છે, જેના કારણે ઉદ્યોગ જગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સરકારના આ કડક વલણથી હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે ટેક્સટાઇલ ક્ષેત્રે ચાલતી ગેરરીતિઓ હવે ચલાવી લેવામાં નહીં આવે. કાપડના ઉત્પાદનનો એક-એક મીટરનો હિસાબ પારદર્શક રીતે સરકાર સમક્ષ રજૂ કરવો જ પડશે.



કમલ હાસનના 72મા જન્મદિવસે દીકરીઓએ વરસાવ્યો પ્રેમ

અભિનેત્રી શ્રુતિ હસને પિતાને ગણાવ્યા 'અનમોલ હીરો'

મુંબઇ

ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા કમલ હાસન આજે પોતાનો 72મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ ખાસ અવસરે ચાહકોથી લઈને ફિલ્મ ઇન્ડસ્ટ્રીની અનેક જાણીતી હસ્તીઓ તેને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહી છે. જોકે, આ વખતે સૌથી વધુ ચર્ચા તેની દીકરીઓ શ્રુતિ હાસન અને અક્ષરા હાસનની ખાસ સોશિયલ મીડિયા પોસ્ટની થઈ રહી છે. બંને દીકરીઓએ પિતા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતાં ભાવુક સંદેશો લખ્યા છે. કમલ હાસનની નાની દીકરી અને અભિનેત્રી અક્ષરા હાસને પણ પિતાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તેણે સોશિયલ મીડિયા પર પિતા સાથેની એક સુંદર તસવીર શેર કરીને લખ્યું હતું કે, પિતા તો કોઈપણ બની શકે છે, પરંતુ દરેક વ્યક્તિમાં એક સારા પિતા, મિત્ર અને પ્રેરણા બનવાની ખાસિયત હોતી નથી. તેણે પોતાના પિતાને 'બાપુજી' કહીને સંબોધ્યા હતા અને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. બીજી તરફ, મોટી દીકરી અને અભિનેત્રી શ્રુતિ હાસને પિતા કમલ હાસન સાથેની બે બ્લેક એન્ડ વ્હાઇટ તસવીરો શેર કરીને લાંબી અને ભાવુક પોસ્ટ લખી હતી. શ્રુતિએ લખ્યું કે, જન્મદિવસની શુભેચ્છા મારા પ્રિય અપ્પા. તેણે મજાકિયા અંદાજમાં જણાવ્યું કે તે સોશિયલ મીડિયા પર પિતા પ્રત્યેના પ્રેમ વિશે લાંબી વાતો કરવા નથી માગતી, જોકે તેણે હંમેશાં પિતાની સલાહ માની હોય એવું પણ નથી. આ સાથે તેણે પિતા સાથેની પોતાની ખાસ યાદો પણ શેર કરી હતી. શ્રુતિએ વધુમાં જણાવ્યું કે, જન્મદિવસની શુભેચ્છા આપવા માટે તેણે સવારે પિતાને ફોન કર્યો હતો. જોકે, કમલ હાસને વાતની શરૂઆતમાં જ તાજેતરમાં જોયેલી એક ફિલ્મ વિશે વાત કરવાનું શરૂ કરી દીધું હતું અને તેમને તે ફિલ્મ કેમ પસંદ આવી તેનું વિગતવાર વિશ્લેષણ પણ કર્યું હતું. શ્રુતિએ પિતાના આ અંદાજની પ્રશંસા કરતાં કહ્યું કે, સિનેમાની દુનિયામાં વર્ષો વિતાવ્યા હોવા છતાં ફિલ્મો પ્રત્યેનો તેનો પ્રેમ અને ઉત્સાહ આજે પણ જરાય ઓછો થયો નથી. શ્રુતિએ પિતાના અભિનય પ્રત્યેના જુસ્સાને બિરદાવતાં તેમને સૌથી અનમોલ વ્યક્તિ ગણાવ્યા હતા. તેણે લખ્યું કે, ફિલ્મના સેટ પર પહેલીવાર પ્રકાશની ચમક જોનાર એ નાનકડા બાળકનો ઉત્સાહ આજે પણ તેમની અંદર જીવંત છે અને તેઓ સતત કંઈક નવું શોધતા રહે છે. શ્રુતિએ કમલ હાસનને એવો હીરો ગણાવ્યો, જે પોતાની જ ચમકથી ઝળહળે છે.

સિનેમાની દુનિયામાં વર્ષો વિતાવ્યા હોવા છતાં ફિલ્મો પ્રત્યેનો તેનો પ્રેમ અને ઉત્સાહ આજે પણ જરાય ઓછો થયો નથી

રણવીરની ફિલ્મ 'પ્રલય'ના શૂટિંગ પર વિવાદ

હંસલ મહેતાએ કહ્યું- મુંબઈમાં ફિલ્મ બનાવવી મુશ્કેલ, અન્ય રાજ્યોમાં મળે છે વધુ સારો સહયોગ

મુંબઇ

રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'નું આઝાદ મેદાનમાં થયેલું શૂટિંગ વિવાદમાં સપડાયું છે. મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA)એ શૂટિંગને કારણે અંડર-14 અને અંડર-16 ક્રિકેટ મેચો પ્રભાવિત થવા અંગે વાંધો ઉઠાવ્યો છે. ફિલ્મના પ્રોડ્યુસર હંસલ મહેતાએ વિવાદ અંગે સ્પષ્ટતા આપતાં મુંબઈમાં શૂટિંગની મંજૂરીઓ અને વહીવટી અડચણો પર સવાલ ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે ભારતીય સિનેમાનું ઘર મુંબઈ હવે શૂટિંગની દૃષ્ટિએ સૌથી મુશ્કેલ શહેરોમાં સામેલ થઈ ગયું છે. હંસલ મહેતાએ કહ્યું- શૂટિંગ માટે તમામ જરૂરી મંજૂરીઓ લીધી હતી હંસલ મહેતાએ હિન્દુસ્તાન ટાઈમ્સને જણાવ્યું કે 'પ્રલય'ની ટીમે આઝાદ મેદાનમાં શૂટિંગ પહેલાં તમામ જરૂરી મંજૂરીઓ લીધી હતી. તેમના જણાવ્યા મુજબ, ટીમ પાસે પોલીસ અને રમતગમત વિભાગ તરફથી મંજૂરીના પત્રો હતા. મુંબઈ ક્રિકેટ એસોસિએશને પણ આની પ્રાપ્તિની પુષ્ટિ કરી હતી. હંસલે કહ્યું કે મુંબઈમાં કોઈ એક સ્થળે શૂટિંગ કરવા માટે અનેક વિભાગો પાસેથી મંજૂરી લેવી પડે છે. દરેક વિભાગની પોતાની પ્રક્રિયા અને વિલંબ હોય છે. ઘણી વખત તમામ મંજૂરીઓ હોવા છતાં ફિલ્મમેકર્સ સાથે એવો વ્યવહાર કરવામાં આવે છે, જાણે તેઓ બળજબરીથી શૂટિંગ કરી રહ્યા હોય. હંસલ મેહતાએ કહ્યું કે મુંબઈ ભારતીય સિનેમાનું કેન્દ્ર છે, પરંતુ અહીં શૂટિંગ કરવું મુશ્કેલ બનતું જઈ રહ્યું છે. એક સ્થળે શૂટિંગ કરવા માટે અનેક વિભાગોની મંજૂરી લેવી પડે છે. આ પ્રક્રિયામાં સમય લાગે છે અને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમણે કહ્યું કે અન્ય રાજ્યોમાં ફિલ્મમેકર્સનું સ્વાગત કરવામાં આવે છે.



દિવાળી પર કેટરીના-વિક્કીએ લાડકવાયાનો ફેસ રિવીલ કર્યો

પ્રિયંકાની દીકરીએ પણ પિતા નિક સાથે મેચિંગ પહેર્યું, સેલેબ્સએ દિવાળી ઉજવણી


મુંબઇ

બોલિવૂડનાં ક્યૂટ કપલ કેટરીના કૈફ અને વિક્કી કૌશલે ફેન્સને દિવાળીની સરપ્રાઈઝ આપી છે. તાજેતરમાં જ તેમના પુત્ર વિહાનનો પહેલો જન્મદિવસ ઉજવ્યા બાદ, આ કપલે દિવાળીના શુભ પર્વ પર વિહાનનો ચહેરો પહેલીવાર રિવીલ કર્યો છે. 'અમારી અત્યાર સુધીની સૌથી રોશન દિવાળી' ઈન્સ્ટાગ્રામ પર ફેમિલી ફોટો શેર કરતાં કપલે લખ્યું, 'અમારી અત્યાર સુધીની સૌથી રોશન દિવાળી... સૌને પ્રેમ, રોશની અને ખુશીઓ મળે.'

સામે આવેલી તસવીરમાં આખું પરિવાર ટ્રેડિશનલ આઉટફિટમાં સજ્જ થઈને ફેમિલી ટ્વિનિંગ કરતું જોવા મળે છે. ક્રીમ કલરના કુર્તા-પાયજામા સાથે બ્રાઈટ યલો કલરની જેકેટમાં દેખાઈ છે. તસવીરમાં તે માતા-પિતાની વચ્ચે ઊભો રહીને બંને હાથ હવામાં ઉછાળીને ખીલખીલાટ હસતો ખૂબ જ પ્રેમાળ લાગી રહ્યો છે. યલો કલરના બ્યુટીફુલ ટ્રેડિશનલ સૂટમાં ગોલ્ડન એમ્બ્રોઈડરી વર્ક સાથે એકદમ ગ્રેસફુલ અને એલિગન્ટ લુકમાં દેખાઈ રહી છે. ગોલ્ડન શેડના કુર્તા-પાયજામા



સાથે સિમ્પલ અને સ્ટાઈલિશ લુકમાં જોવા મળી રહ્યો છે. પરિવારની આ કલર કોઓર્ડિનેટેડ ટ્વિનિંગે ફેન્સનું દિલ જીતી લીધું છે અને બોલિવૂડ સેલેબ્સ પણ આ નાનકડા રાજકુમાર પર અનંત પ્રેમ વરસાવી રહ્યા છે. કેટરિના અને વિક્કી ગયા વર્ષે નવેમ્બરમાં એક પુત્રના માતા-પિતા બન્યા. બંનેએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને ચાહકોને આ જાણકારી આપી હતી. આ પછી 7 જાન્યુઆરી 2026ના રોજ તેમણે દીકરાના નામનો ખુલાસો કર્યો હતો. તેમણે પોતાના દીકરાનું નામ વિહાન કૌશલ રાખ્યું છે. માતા બન્યા પછી કેટરિનાનો આ પહેલો જન્મદિવસ હતો. સુપરસ્ટાર રજનીકાંતે દિવાળીના અવસરે ચેન્નાઈ સ્થિત પોતાના ઘરની બહાર એકઠા થયેલા ચાહકોનું હાથ જોડીને અભિવાદન કર્યું.





'કિંગ'માં ભગવા રંગ પર બબાલ! દીપિકાના ડ્રેસ સામે સંતોનો વિરોધ

આ મામલે સૌથી પહેલાં દિલ્હી ભાજપના પટપડગંજ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય રવિન્દ્ર સિંહ નેગીએ વાંધો ઉઠાવ્યો હતો

મુંબઇ


બોલિવૂડના કિંગ ખાન એટલે કે શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ' રિલીઝ પહેલાં જ વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. ફિલ્મના પ્રથમ ગીત 'તૂ મિલ જાયે'માં અભિનેત્રી દીપિકા પાદુકોણે પહેરેલા ભગવા રંગના ડ્રેસને લઈને વિવાદ શરૂ થયો છે. આ મામલે દિલ્હીથી લઈને અયોધ્યા સુધી વિરોધના સૂર સંભળાઈ રહ્યા છે. દિલ્હી ભાજપના ધારાસભ્ય રવિન્દ્ર સિંહ નેગી બાદ હવે અયોધ્યાના સંત-મહંતોએ પણ આ ડ્રેસ સામે વાંધો ઉઠાવ્યો છે. ખાસ કરીને જગદગુરુ પરમહંસ આચાર્યના નિવેદનથી આ વિવાદ વધુ ચર્ચામાં આવ્યો છે. શાહરૂખ ખાનના જન્મદિવસના અવસરે 'કિંગ' ફિલ્મનું પહેલું ગીત 'તૂ મિલ જાયે' રિલીઝ કરવામાં આવ્યું હતું. ગીતમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ રોમેન્ટિક અંદાજમાં જોવા મળે છે. જોકે, ગીતના એક દૃશ્યમાં દીપિકાએ પહેરેલા નારંગી એટલે કે ભગવા રંગના ડ્રેસને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ હતી. નોંધનીય છે કે રિલીઝના માત્ર છ દિવસમાં આ ગીતને યુટ્યુબ પર 6.5 કરોડથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે. આ મામલે સૌથી પહેલાં દિલ્હી ભાજપના પટપડગંજ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય રવિન્દ્ર સિંહ નેગીએ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે દીપિકાના ભગવા રંગના કપડાંને સનાતન ધર્મનું અપમાન ગણાવ્યું હતું. નેગીએ શાહરૂખ ખાન પર પણ નિશાન સાધતા કહ્યું હતું કે, અગાઉ ત્રણ વર્ષ પહેલાં પણ શાહરૂખની ફિલ્મ 'પઠાણ'માં દીપિકાના ભગવા રંગના બિકીની ડ્રેસને લઈને વિવાદ થયો હતો અને હવે ફરી આવું જ કરવામાં આવી રહ્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે જો ગીતમાંથી આ દૃશ્ય દૂર કરવામાં નહીં આવે તો ફિલ્મનો દેશવ્યાપી બહિષ્કાર કરવામાં આવશે. બીજી તરફ, અયોધ્યાની પ્રસિદ્ધ તપસ્વી છાવનીના પીઠાધીશ્વર જગદગુરુ પરમહંસ આચાર્યએ પણ આ દૃશ્ય સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. એક સમાચાર એજન્સી સાથેની વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે, જેમ ભારતનો રાષ્ટ્રીય ધ્વજ તિરંગો છે, તેવી જ રીતે ભારતીય સંસ્કૃતિનો રંગ ભગવો છે.

અમિતાભ બચ્ચને તબિયત બગડ્યાના સમાચાર વચ્ચે દિવાળી પર ભાવુક પોસ્ટ સાથે શુભકામના આપી

મુંબઇ

કાળી ચૌદશની રાતે એટલે કે શનિવાર સાંજે મહાનાયક અમિતાભ બચ્ચનની તબિયતને લગતા ચિંતાજનક સમાચાર સામે આવ્યા. અહેવાલ અનુસાર, તબિયત બગડવાને કારણે અમિતાભ બચ્ચને KBCના શૂટિંગને અટકાવી દીધું છે. હવે બિગ બીએ રવિવારે વહેલી સવારે ભાવુક અંદાજમાં ચાહકોને દિવાળીની શુભેચ્છા પાઠવતી પોસ્ટ કરી. સાથે જ તેમણે જણાવ્યું કે તેમના હાથમાં તકલીફ થઈ રહી છે.

અમિતાભ બચ્ચને સત્તાવાર બ્લોગમાં લખ્યું, સૌને દીપાવલીની અનેક અનેક શુભેચ્છાઓ અને ચતુર્દશીની પણ શુભેચ્છા સાથે સ્નેહ, આદર અને શુભ મંગળની પ્રાર્થનાઓ. ઈશ્વરની કૃપા હંમેશાં આપણને ઘેરી રહે. આગળ અમિતાભ બચ્ચને લખ્યું છે કે, તેમને એટલી બધી શુભેચ્છાઓ અને ભેટો મળે છે કે હવે તેમની પાસે તેને રાખવા માટેની જગ્યા પણ ઓછી પડવા લાગી છે. તેમણે લખ્યું, હું મારી તરફથી ભેટ મોકલનારાઓને પત્ર લખીને જવાબ આપવાનો પ્રયાસ કરી રહ્યો છું. પોતે જવાબ આપવા માગું છું, પરંતુ જે હાથથી લખું છું, તે હાથ ચલાવવામાં તકલીફ થઈ રહી છે. વિલંબ માટે માફી માગું છું.



બ્લોગના આગામી ભાગમાં તેમણે લખ્યું છે કે- છેલ્લા કેટલાક દિવસોથી એવી સ્થિતિ ઊભી થઈ રહી છે, જેના કારણે તેમને વારંવાર માફી માંગવી પડી રહી છે. ઉપરાંત, અમિતાભ બચ્ચને સત્તાવાર X એકાઉન્ટ પરથી બે પોસ્ટ પણ શેર કરી.

મુંબઈ અર્શદીપ માટે હાર્દિકનો કરશે સોદો, રોહિત-પંડ્યા ડ્રામાનો અંત!

IPL ઇતિહાસની સૌથી મોટી ને ચોંકાવનારી ટ્રેડ ડીલ થઈ શકે

મુંબઈ

IPL 2027ની નવી સીઝન શરૂ થાય તે પહેલાં જ ક્રિકેટ જગતમાં એક મોટો ભૂકંપ આવ્યો છે. IPLના ઇતિહાસની સૌથી મોટી અને ચોંકાવનારી ટ્રેડ ડીલ લગભગ ફાઈનલ થવાની તૈયારીમાં છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર મુંબઈ ઈન્ડિયન્સ (MI)ના કેપ્ટન અને સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હવે પંજાબ કિંગ્સ (PBKS)માં જોડાવા જઈ રહ્યો છે, જ્યારે પંજાબનો સ્ટાર ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ મુંબઈ ઈન્ડિયન્સની જર્સીમાં જોવા મળી શકે છે. BCCIને સોંપાયા દસ્તાવેજો, બન્ને ખેલાડીઓની સંમતિ રિપોર્ટ્સ અને દાવા મુજબ, મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ બંને ફ્રેન્ચાઈઝીએ આ ટ્રેડ ડીલને લઈને તમામ કાગળિયા અને દસ્તાવેજો તૈયાર કરીને બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઈન્ડિયા (BCCI)ને સોંપી દીધા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ ઐતિહાસિક ટ્રેડ માટે હાર્દિક પંડ્યા અને



અર્શદીપ સિંહ બંને ખેલાડીઓની સંમતિ પણ મળી ગઈ છે. હવે માત્ર BCCIની અંતિમ મંજૂરી અને સત્તાવાર જાહેરાતની જ રાહ જોવાઈ રહી છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે અર્શદીપની સાથે વિકેટકીપર-બેટર વિષ્ણુ વિનોદ પણ મુંબઈ ઈન્ડિયન્સનો હિસ્સો બની શકે છે. ગુજરાત ટાઇટન્સ (GT)ને પોતાની જ કેપ્ટનશીપમાં ડેબ્યૂ સીઝનમાં જ ચેમ્પિયન બનાવનાર હાર્દિક પંડ્યા જ્યારે 2024માં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન તરીકે પાછો ફર્યો ત્યારે પરિસ્થિતિ તેના પક્ષમાં રહી ન હતી. મુંબઈના ડ્રેસિંગ રૂમમાં જૂથબંધીના અહેવાલો અને મેદાન પર ચાહકોની નારાજગી (હૂટિંગ) સતત ચર્ચામાં રહી હતી. ટીમનું પ્રદર્શન પણ સતત કથળી રહ્યું હતું, જેના પછી મુંબઈ ઈન્ડિયન્સ મેનેજમેન્ટે ટીમને ફરીથી સેટ કરવાનું મન બનાવી લીધું હતું. અગાઉ કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR) હાર્દિકને ખરીદવાની રેસમાં સૌથી આગળ હોવાનું મનાતું હતું, પરંતુ પ્રીતિ ઝિન્ટાની પંજાબ કિંગ્સે બાજી મારીને મુંબઈ સાથે આ બ્લોકબસ્ટર ડીલ સાઇન કરી લીધી છે. આ ડીલ બંને ટીમ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. અર્શદીપ સિંહ જેવા ઘાતક ફાસ્ટ બોલર અને ડેથ ઓવર સ્પેશિયાલિસ્ટને પોતાની ટીમમાં સામેલ કરીને મુંબઈ પોતાનું બોલિંગ આક્રમણ મજબૂત કરવા માગે છે.

બોલ ટેમ્પરિંગ 2-3 ખેલાડી નહીં પણ આખી ઓસ્ટ્રેલિયન ટીમે કર્યું હતું: ઉસ્માન ખ્વાજા

સિડની


ઓસ્ટ્રેલિયાના પૂર્વ બેટ્સમેન ઉસ્માન ખ્વાજાએ પોતાની પુસ્તક 'સબ્ર'માં 2018ના 'સેન્ડપેપરગેટ' કાંડ અંગે મોટો ખુલાસો કર્યો છે. ખ્વાજાએ જણાવ્યું કે બોલ-ટેમ્પરિંગની આ ઘટના માત્ર બે-ત્રણ ખેલાડીઓની નહીં, પરંતુ સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમની ભૂલ હતી. આ મામલે સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર અને કેમેરોન બેન્ક્રાફ્ટને એકલા બલિનો બકરો બનાવાયા હતા. બાકીની ટીમને કોઈ સજા થઈ ન હતી. ખ્વાજાએ સત્ય બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટીમના વાતાવરણને કારણે તે ચૂપ રહ્યા. તેમનો હેતુ મિત્રોને ન્યાય અપાવવાનો છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ બેટ્સમેન ઉસ્માન ખ્વાજાએ પોતાની આગામી પુસ્તક 'સબ્ર'માં વર્ષ 2018ના કુખ્યાત કેપટાઉન ટેસ્ટ વિવાદ એટલે કે 'સેન્ડપેપરગેટ' કાંડને લઈને મોટો ઘટસ્ફોટ કર્યો છે. ખ્વાજાએ સ્પષ્ટ કર્યું છે કે બોલ-ટેમ્પરિંગની આ ઘટના માત્ર બે-ત્રણ ખેલાડીઓની નહીં, પરંતુ સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમની ભૂલ હતી. આ મામલે સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર અને કેમેરોન બેન્ક્રાફ્ટને એકલા જ બલિના બકરા બનાવવામાં આવ્યા હતા, જ્યારે બાકીની આખી ટીમ કોઈપણ સજા વગર બચી નીકળી હતી. સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને ખ્વાજાએ જણાવ્યું હતું કે આ ત્રણ ખેલાડીઓએ છેલ્લા 8 વર્ષથી દુનિયાભરનો ગુસ્સો, ગાળો અને 'ચીટર'નું કલંક એકલાએ જ સહન કરવું પડ્યું છે, જે અત્યંત દુ:ખદ છે.

શમી હજુ 30-40 ટેસ્ટ વિકેટ લઈ શકતો હતો

શમીની નિવૃત્તિ બાદ રવિ શાસ્ત્રી લાલઘૂમ, BCCIના પસંદગીકારો સામે ઊઠાવ્યા સવાલ

મુંબઈ

મોહમ્મદ શમીના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિના નિર્ણયથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચ્યો છે. પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ BCCI અને પસંદગીકારો પર આકરા પ્રહારો કર્યા છે. શાસ્ત્રીએ કહ્યું કે, શમી જેવા મેચ-વિનર બોલરને ગુમાવવો ભારતીય ટીમ માટે મોટું નુકસાન છે. તેમણે ફિટનેસ ટેસ્ટ પર સવાલ ઉઠાવ્યા અને જણાવ્યું કે શમી હજુ 30-40 ટેસ્ટ વિકેટ લઈ શકતો હતો. ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીના ટેસ્ટ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ લેવાના નિર્ણયથી ક્રિકેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે. ભારતીય



ટીમના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ શમીના આ સન્યાસ મામલે બીસીસીઆઈ (BCCI) અને પસંદગીકારો પર આકરા પ્રહારો કર્યા છે. શાસ્ત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે શમી જેવા મેચ-વિનર બોલરને આ રીતે ગુમાવવો ભારતીય ટેસ્ટ ટીમ માટે મોટું નુકસાન છે અને સિલેક્ટર્સે આ બાબતે યોગ્ય અભિગમ અપનાવ્યો ન હોવાની ઊંડી નિરાશા વ્યક્ત કરી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની બીજી વનડે અગાઉ નિવેદન આપતા રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, શમીના ખાતામાં હજુ પણ 30 થી 40 ટેસ્ટ વિકેટો સરળતાથી ઉમેરાઈ શકી હોત. તેમણે માત્ર જિમ-આધારિત ફિટનેસ ટેસ્ટ પર વધુ પડતા ભાર મૂકવાની નીતિ સામે ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું કે, જો કોઈ ખેલાડી મેચમાં 10 થી 12 ઓવર નાખી શકતો ન હોય, તો માત્ર જિમમાં ફિટ હોવાનો શું અર્થ છે?

કોહલીએ પોન્ટિંગનો સર્વકાલીન વર્લ્ડ રેકોર્ડ તોડી રચ્યો ઇતિહાસ

ન્યૂઝીલેન્ડ સામે સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો નંબર-1 બેટ્સમેન બન્યો

વેલિંગ્ટન

વેલિંગ્ટનમાં રમાયેલી બીજી વનડેમાં વિરાટ કોહલીએ ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. તેણે ન્યૂઝીલેન્ડ સામે 1,975 રન બનાવી રિકી પોન્ટિંગનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. કોહલી હવે ન્યૂઝીલેન્ડ સામે સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો નંબર-1 બેટ્સમેન બન્યો છે. ભારતીય બોલરોએ ન્યૂઝીલેન્ડને 134 રનમાં ઓલઆઉટ કર્યું હતું. ગુરનૂર બ્રારે 4 વિકેટ ઝડપી હતી.

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ શનિવારે પોતાની શાનદાર વનડે કારકિર્દીમાં વધુ એક સુવર્ણ સીમાચિહ્ન ઉમેર્યું છે. વેલિંગ્ટન ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી બીજી



વનડે મેચ દરમિયાન કોહલી વનડે ક્રિકેટના ઇતિહાસમાં ન્યૂઝીલેન્ડ સામે સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો નંબર-1 બેટ્સમેન બની ગયો છે. આ સિદ્ધિ હાંસલ કરવા સાથે તેણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ કેપ્ટન રિકી પોન્ટિંગના વર્ષો જૂના વર્લ્ડ રેકોર્ડને તોડી નાખ્યો છે. આ મેચમાં ઉતરતાં પહેલાં કોહલી અને પોન્ટિંગ બંને 1,971 રન સાથે બરાબરી પર હતા, કારણ કે કોહલીએ પ્રથમ વનડેમાં જ પોન્ટિંગના આ આંકડાની બરાબરી કરી લીધી હતી.

પોન્ટિંગને પાછળ છોડવા માટે વિરાટને માત્ર 1 રનની જરૂર હતી અને તેણે ચોગ્ગો ફટકારીને ખાતું ખોલવાની સાથે જ આ ઐતિહાસિક મુકામ હાંસલ કરી લીધો હતો. જોકે, આ બીજી વનડેમાં તે 7 રન બનાવીને આઉટ થયો હતો. ઉલ્લેખનીય છે કે 37 વર્ષીય કોહલીએ પ્રથમ વનડેમાં 74 રનની મહત્ત્વપૂર્ણ ઇનિંગ્સ રમીને વરસાદ પ્રભાવિત મેચમાં ભારતને DLS પદ્ધતિ હેઠળ 143 રનનો ટાર્ગેટ ચેઝ કરાવી સીરિઝમાં લીડ અપાવી હતી.

બિઝનેસ

રોકડ ચલણ પણ GDPના 12% જેટલું જ સ્થિર

ભ્રષ્ટાચાર ડામવા કરાયેલી નોટબંધી એળે ગઈ, રોકડ અઢી ગણી વધીને 43 લાખ કરોડે પહોંચી

મુંબઈ

દસ વર્ષ પહેલાં, 8 નવેમ્બર, 2016ના રોજ, ચલણમાં રહેલા કુલ નાણાંના (કરન્સી ઈન સરક્યુલેશન) મૂલ્યના 86.4% જેટલી નોટોની માન્યતા (લીગલ ટેન્ડર દરજ્જો) રદ કરી દેવામાં આવી હતી. કાળું નાણું ડામવું, નકલી ચલણ નાબૂદ કરવું અને આતંકવાદી ભંડોળ રોકવા સહિતના બહુવિધ ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે સરકારે નોટબંધીનું અસાધારણ પગલું ભરાયું હતું. ડિજિટલ અને ઓછી રોકડ



આધારિત અર્થતંત્રને પ્રોત્સાહન આપવાનો મુદ્દો ત્યારબાદ આ લક્ષ્યાંકોની યાદીમાં ઉમેરવામાં આવ્યો હતો. પરંતુ અફસોસ કે આજે પણ લોકો ડિજિટલ પોમોન્ટની સાથોસાથ રોકડને પણ પ્રાધાન્ય આપી રહ્યાછે. નોટબંધી પૂર્વના વર્ષ એટલે કે FY16ના અંતે ચલણમાં રહેલું રોકડ નાણું આશરે રૂ. 16.6 લાખ કરોડ હતું, જે ત્યારથી 2.6 ગણું વૃધીને 23 ઓક્ટોબર, 2026 સુધીમાં રૂ. 43.2 લાખ કરોડ થઈ ગયું છે. જીડીપીના પ્રમાણ તરીકે જોતાં, FY26માં તે 12% ને સ્પર્શી ગયું છે, જે લગભગ FY16 જેટલું જ છે. નોટો પાછી ખેંચાયા પછીની તાત્કાલિક અસર હેઠળ FY17માં ચલણમાં રહેલું રોકડ નાણું ઘટીને રૂ. 13.4 લાખ કરોડ અથવા જીડીપીના 8.7% જેટલું થઈ ગયું હતું. નોટબંધીએ આર્થિક વૃદ્ધિને કોઈ વધારાની ગતિ આપી હોય એવું જણાતું નથી. FY06 અને FY16 વચ્ચે સરેરાશ જીડીપી વૃદ્ધિદર 6.8% રહ્યો હતો, જે તે પછીના દાયકા (FY17-FY26) ના 6% કરતાં સહેજ ઓછા દરે રહેલા વિકાસદર કરતાં વધારે હતો. અલબત્ત, પછીના સમયગાળાની વૃદ્ધિ મહામારી (કોવિડ) ના આંચકાથી મર્યાદિત રહી હતી.


નિષ્ણાતોના મતે, બજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહેશે

મુહૂર્ત ટ્રેડિંગમાં 9 વર્ષનો રેકોર્ડ તૂટ્યો: સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાને બંધ

સેન્સેક્સ 29 પોઈન્ટ અને નિફ્ટી 44 પોઈન્ટ ઘટીને અનુક્રમે 80,999.40 અને 24,986.40 પર બંધ થયા. SBI લાઈફ, ઈન્ડિગો અને એરટેલના શેરોમાં ઘટાડો નોંધાયો

મુંબઈ

દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ 2026માં 9 વર્ષ પછી પહેલીવાર શેરબજાર ઘટાડા સાથે બંધ થયું. સેન્સેક્સ 29 પોઈન્ટ અને નિફ્ટી 44 પોઈન્ટ ઘટીને અનુક્રમે 80,999.40 અને 24,986.40 પર બંધ થયા. SBI લાઈફ, ઈન્ડિગો અને એરટેલના શેરોમાં ઘટાડો નોંધાયો, જ્યારે સન ફાર્મામાં 3% વધારો થયો. નિષ્ણાતોના મતે, બજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહેશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ 2026 પૂર્ણ થઈ ગયું છે. ખાસ વાત એ છે કે વર્ષ 2017 પછી પહેલીવાર મુહૂર્ત ટ્રેડિંગના દિવસે શેરબજાર ઘટાડા સાથે બંધ થયું છે. જ્યાં સેન્સેક્સમાં આશરે 29 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તો બીજી તરફ નિફ્ટી આશરે 44 પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો



અને 25 હજાર પોઈન્ટથી નીચે આવી ગયો. એસબીઆઈ લાઈફ, ઈન્ડિગો અને એરટેલના શેરોમાં 1 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે બીજી બાજુ સન ફાર્માના શેરમાં આશરે 3 ટકાનો વધારો જોવા મળ્યો હતો. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગના દિવસે 9 વર્ષ પછી પહેલીવાર એવું બન્યું જ્યારે સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ આશરે 29 પોઈન્ટ એટલે કે 0.04 ટકાના ઘટાડા સાથે 80,999.40 પોઈન્ટ પર બંધ રહ્યો હતો. જોકે, કારોબારી સત્ર દરમિયાન સેન્સેક્સ 414 પોઈન્ટની તેજી સાથે 81,442.11 પોઈન્ટ પર પહોંચી ગયો હતો. સેન્સેક્સ તેજી સાથે 81,299.34 પોઈન્ટ પર ખુલ્યો હતો અને કારોબારી સત્ર દરમિયાન ટ્રેડિંગમાં 80,932.42 પોઈન્ટના નીચલા સ્તરે પણ પહોંચી ગયો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સૂચકાંક નિફ્ટી પણ લાલ નિશાન પર બંધ થયો હતો. આંકડાઓ પર નજર કરીએ તો નિફ્ટી 43.95 પોઈન્ટ એટલે કે 0.18 ટકાના ઘટાડા સાથે 24,986.40 પોઈન્ટ પર બંધ રહ્યો હતો. કારોબારી સત્ર દરમિયાન નિફ્ટી 24,985.30 પોઈન્ટ સાથે દિવસના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. જોકે, નિફ્ટી આશરે 100 પોઈન્ટની તેજી સાથે 25,131.85 પોઈન્ટની ઊંચાઈ પર પહોંચ્યો હતો. નિફ્ટી 25,070.45 પોઈન્ટ પર ખુલ્યો હતો. નિષ્ણાતોનું માનીએ તો આગામી દિવસોમાં શેરબજારમાં ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે

શેરબજારના રોકાણકારો માટે મહત્ત્વના સમાચાર

SEBI એ શેરબજારમાં પારદર્શિતા લાવવા નવું સેટલમેન્ટ ફ્રેમવર્ક લાગુ કર્યું

મુંબઈ

SEBI એ શેરબજારમાં પારદર્શિતા લાવવા અને નિયમનકારી પ્રક્રિયા સરળ બનાવવા 7 નવેમ્બર, 2026 થી નવું સેટલમેન્ટ ફ્રેમવર્ક લાગુ કર્યું છે. આનાથી યોગ્ય વ્યક્તિઓ અને સંસ્થાઓ ચોક્કસ નિયમનકારી કાર્યવાહી ઝડપથી ઉકેલી શકશે. SEBI દ્વારા ઓનલાઈન સેટલમેન્ટ એપ્લિકેશન, કેલ્ક્યુલેટર અને હેલ્પડેસ્ક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. જોકે, ગંભીર ગુનાઓ જેમ કે ઈરાદાપૂર્વકના ડિફોલ્ટર્સ અને છેતરપિંડી કરનારાઓને આમાંથી બાકાત રખાયા છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (SEBI) દ્વારા શેરબજાર અને નિયમનકારી



પ્રક્રિયાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે 7 નવેમ્બર, 2026 થી એક નવું સેટલમેન્ટ ફ્રેમવર્ક (Settlement Framework 2026) લાગુ કરી દેવામાં આવ્યું છે. આ નવા નિયમોના અમલથી યોગ્ય વ્યક્તિઓ અને સંસ્થાઓ (એન્ટિટીઓ) એક વ્યવસ્થિત સિસ્ટમ દ્વારા ખાસ નિયમનકારી કાર્યવાહીને ઝડપથી ઉકેલી શકશે. આ અંગે SEBI દ્વારા ગત 8 ઓક્ટોબરે જ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. નવું ફ્રેમવર્ક (જે 'એડમિનિસ્ટ્રેટિવ અને સિવિલ પ્રોસિડિંગ્સનું સેટલમેન્ટ રેગ્યુલેશન, 2026' તરીકે ઓળખાય છે) ટ્રાન્ઝિશનલ અને સેવિંગ પ્રોવિઝન હેઠળ વર્ષ 2018ના જૂના સેટલમેન્ટ ફ્રેમવર્કનું સ્થાન લેશે. આ નવા નિયમો અંતર્ગત કયા-કયા મુખ્ય બદલાવો આવ્યા છે અને કઈ બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે, તેની વિગતો નીચે મુજબ છે: અરજી પ્રક્રિયાને અત્યંત સરળ અને ડિજિટલ બનાવવા માટે SEBI દ્વારા ખાસ ઓનલાઈન સેટલમેન્ટ એપ્લિકેશન સુવિધા શરૂ કરવામાં આવી છે.

NBFC દ્વારા ગોલ્ડ લોનમાં સપ્ટેમ્બરમાં 66%નો ઉછાળો નોંધાયો

- **મજબૂત વૃદ્ધિએ આ સેગમેન્ટની અન્ડરરાઇટિંગ પદ્ધતિઓ (જોખમ મૂલ્યાંકન પ્રક્રિયા) તરફ પણ ધ્યાન દોર્યું**

મુંબઈ

NBFCs દ્વારા સોના સામેની લોન સપ્ટેમ્બર 2026માં વાર્ષિક ધોરણે 66.1% વધીને 3.74 લાખ કરોડ થઈ છે. રિઝર્વ બેંકના ક્રેડિટ ડેટા મુજબ, આ વૃદ્ધિ રિટેલ લોન પોર્ટફોલિયોમાં સૌથી ઝડપી છે. ઊંચા સોનાના ભાવને કારણે ગ્રાહકોને વધુ લોન મળી રહી છે. જોકે, આ મજબૂત વૃદ્ધિએ જોખમ મૂલ્યાંકન પ્રક્રિયા પર પણ ધ્યાન દોર્યું છે. નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી) દ્વારા સોનાના દાગીના સામે આપવામાં આવતી બાકી લોન (આઉટસ્ટેન્ડિંગ ગોલ્ડ લોન) સપ્ટેમ્બર ૨૦૨૬માં વાર્ષિક ધોરણે (Y-o-Y) ૬૬.૧ ટકા વૃધીને રૂ.૩.૭૪ લાખ કરોડ થઈ છે, જેનાથી તે તેમના રિટેલ લોન પોર્ટફોલિયોમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા સેગમેન્ટ્સ પૈકી એક બની ગયું છે. રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા ક્રેડિટ ડેટાના તાજેતરના ક્ષેત્રીય વિશ્લેષણ મુજબ, વૃદ્ધિનો આ દર સપ્ટેમ્બર ૨૦૨૫માં નોંધાયેલા ૫૦.૭ ટકા કરતાં નોંધપાત્ર રીતે વૃધુ હતો. વાસ્તવિક આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો, એક વર્ષના સમયગાળામાં ગોલ્ડ લોનમાં આશરે રૂ. ૧.૪૯ લાખ કરોડનો વધારો થયો છે. આ સેગમેન્ટમાં વિસ્તરણ સોનાના ઊંચા ભાવો વચ્ચે આવ્યું છે, જેના કારણે ગિરવે મુકેલા સોનાનું મૂલ્ય વધ્યું છે અને લોન લેનારાઓ પોતાના દાગીના સામે વધુ રકમ મેળવવા સક્ષમ બન્યા છે.

દિવાળીની રોશની વચ્ચે અમદાવાદની હવા પ્રદૂષિત : ફટાકડાના ધુમાડાથી

અમદાવાદની હવા બગડી: કાળીચૌદશે AQI 176, એરપોર્ટ વિસ્તારમાં 240 સુધી પહોંચ્યો



અમદાવાદ

દિવાળી એટલે દીવડાઓનો તહેવાર, રોશનીનો તહેવાર અને ખુશીઓ વહેંચવાનો અવસર. આ ઉજવણી વચ્ચે એક સવાલ પણ ઊભો થાય છે કે ફટાકડા આપણા શહેરની હવાને કેટલી અસર કરે છે. દર વર્ષે દિવાળીના દિવસોમાં અમદાવાદ સહિત ગુજરાતનાં મોટાં શહેરોમાં હવાના પ્રદૂષણની ચર્ચા થાય છે. ફટાકડામાંથી નીકળતો ધુમાડો, રસ્તાઓ પર ઊડતી ધૂળ, વાહનોનો ધુમાડો અને બાંધકામને કારણે ફેલાતી ધૂળ ભેગી થઈને હવાની ક્વોલિટી બગાડે છે. છેલ્લા પાંચ દિવસની વાત કરીએ તો, અમદાવાદમાં 4 નવેમ્બર 175 તો 7 નવેમ્બરે કાળીચૌદશની રાત્રે 176 સુધી AQI પહોંચ્યો હતો. એટલું જ નહીં 7 નવેમ્બરે સાંજે 7 વાગ્યે અમદાવાદ એરપોર્ટ વિસ્તારમાં 240, રખિયાલ વિસ્તારમાં 239 અને રાયખડ વિસ્તારમાં 232 સુધી AQI પહોંચ્યો હતો. તો આ તરફ રાજકોટમાં કાળી ચૌદશની રાત્રે હવાના પ્રદૂષણમાં વધારો થયો હતો. શહેરનો AQI 200ને પાર થયો હતો. જ્યારે આજે દિવાળીની રાત્રે 300ને પાર થવાની શક્યતા છે. ત્યારે લોકો પોતાના સ્વાસ્થ્યને જાળવવા ઘરની બહાર નીકળે અને માસ્ક પહેરવું જોઈએ અને સવારે વોક કરવાનું હાલમાં ટાળવું તેવી ડોક્ટરોની સલાહ છે. AQI જાણવા વિવિધ પ્રકારના પ્રદૂષકોનું અવલોકન કરવામાં આવે છે અને એની માત્રા માપવામાં આવે છે. એના માટેની એક સ્ટાન્ડર્ડ પ્રક્રિયા છે. AQIનો સ્તર સૂચવે છે કે વાયુ-પ્રદૂષણ વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે. AQIની રેન્જ 0થી 500 વચ્ચે હોય છે. AQI જેટલો ઓછો એટલી હવા સારી અને જેમ AQI વધે એમ પ્રદૂષણ વધ્યું ગણાય. એર ક્વોલિટી ઈન્ડેક્સને વિવિધ સ્ટેજમાં ડિવાઇડ કરવામાં આવ્યો છે. દરેક સ્ટેજને એક ખાસ કલર કોડ આપવામાં આવ્યો છે, જેથી સરળતાથી જાણી શકાય અને સમજી પણ શકાય કે હવા કેટલી શુદ્ધ છે અને કેટલી પ્રદૂષિત છે. શિયાળામાં પૃથ્વીની સપાટી પર જે પણ ઘન વસ્તુઓ છે, જેમ કે રસ્તાઓ, ઇમારતો, પુલ વગેરે, આ બધું સૂર્યમાંથી મળેલી ગરમીને રાત્રે બહાર કાઢે છે. બહાર કાઢેલી ગરમી જમીનથી 50થી 100 મીટર ઉપર ઊઠીને એક લૉકેબલ લેયર બનાવે છે. આ કારણે વાતાવરણની હવા ઉપર ઊઠી શકતી નથી. મતલબ કે આ હવા વાતાવરણના નીચલા સ્તરે જ 'લૉક' રહે છે. આ લેયરની નીચેની જમીન પાસેની હવા ઠંડી હોય છે અને ઠંડી હવામાં હલનચલન ન બરાબર હોય છે. પ્રદૂષણના કણ પણ આ જ હવામાં ભળી જાય છે અને ઉપર ઊઠી શકતા નથી, જેનાથી પ્રદૂષણ પણ ઠંડી હવા સાથે લૉક થઈ જાય છે. આ જ કારણ છે કે શિયાળામાં પ્રદૂષણ વધે છે. આ જ સ્મૉગ અને ધુમ્મસનું કારણ બને છે. પર્યાવરણવિદ મહેશ પંડ્યાએ કહ્યું કે, અમદાવાદ જેવા મોટા શહેરોમાં ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન હવાની ગુણવત્તા પર ખાસ ધ્યાન આપવાની જરૂર પડે. દિવાળીના પાંચ દિવસ પહેલાંથી લઈને પાંચ દિવસ પછી ફટાકડા ફોડવાને કારણે હવામાં પ્રદૂષણ વધી શકે છે. ખાસ જ્યારે એક જ વિસ્તારમાં મોટી સંખ્યામાં ફટાકડા ફોડવામાં આવે, ત્યારે તેમાંથી નીકળતો ધુમાડો અને બારીક રજકણો હવામાં ભળે છે. AQI જેટલો વધે, એટલી હવાની ગુણવત્તા ખરાબ રહે. જોકે, AQIમાં વધારો માત્ર ફટાકડાને કારણે જ થતો નથી. શહેરમાં રોજ ચાલતાં વાહનો, બાંધકામ અને રસ્તાઓની ધૂળ પણ તેના માટે જવાબદાર છે.

વસ્ત્રાલ પોલીસનો ધડાકાભેર પ્રારંભ!

વસ્ત્રાલ પોલીસ સ્ટેશન લોકાર્પણના માત્ર 24 કલાકમાં જ એક્શન મોડમાં

દિવાળી ટાણે બજારોમાં ફૂટ પેટ્રોલિંગ શરૂ કરીને પોલીસ વંડાએ ખડેપડે હોવાનો અહેસાસ કરાવ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા નવસર્જિત અને અત્યંત ચર્ચાસ્પદ બનેલા વસ્ત્રાલ પોલીસ સ્ટેશને પોતાની સક્રિયતાના એંધાણ પહેલા જ દિવસે આપી દીધા છે. પોલીસ સ્ટેશનના ભવ્ય લોકાર્પણને હજુ માંડ ૨૪ કલાક જેટલો સમય જ થયો છે, ત્યાં જ વસ્ત્રાલ પોલીસ તંત્રએ સ્ટેશનની ચાર દીવાલોમાંથી બહાર આવીને સીધા રસ્તા પર જનતાની સુરક્ષા માટે મોરચો સંભાળી લીધો છે. પ્રકાશના પર્વ દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને વસ્ત્રાલ પોલીસ દ્વારા મુખ્ય માર્ગો અને ધમધમતી બજારોમાં કડક ફૂટ પેટ્રોલિંગ (પગપાળા પેટ્રોલિંગ) શરૂ કરી દેવામાં આવ્યું છે. નવા રચાયેલા વસ્ત્રાલ પોલીસ સ્ટેશનના પીઆઈ (Police Inspector) ભાવેશભાઈ લોઢાના સીધા અને સચોટ માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમોએ વસ્ત્રાલ વિસ્તારના મુખ્ય માર્ગો અને ભીડભાડવાળા બજારોમાં કદમ મંડ્યા હતા. તહેવારોના આ દિવસોમાં વેપારીઓની સુરક્ષા અને નાગરિકોના જાનમાલની સલામતી સર્વોપરી રહે તે હેતુસર પોલીસે બજારોના ખૂણે-ખૂણે નિરીક્ષણ શરૂ કર્યું છે. પોલીસની આ યુવા અને ઉત્સાહી ટીમને અચાનક રસ્તા પર ઉતરેલી જોઈને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. દિવાળીના પર્વ પર સોના-ચાંદીની ખરીદી માટે સોનીની દુકાનો (જ્વેલર્સ) અને અક્ષયપાત્ર બજારોમાં ભારે ભીડ રહેતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વસ્ત્રાલ પોલીસે ખાસ કરીને જ્વેલર્સની દુકાનોની રૂબરૂ મુલાકાત લીધી હતી. દુકાનોમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરા ચાલુ હાલતમાં છે કે નહીં, તેનું રેકોર્ડિંગ બરાબર થાય છે કે કેમ અને સિક્યુરિટી વ્યવસ્થાઓ કેવી છે તેની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આ સાથે જ વેપારીઓને સાવચેતી રાખવા અને સુરક્ષાને લગતાં અત્યંત જરૂરી માર્ગદર્શક સૂચનો પણ આપવામાં આવ્યા હતા. દિવાળીની ખરીદી માટે બજારોમાં ઉમટી પડતી માનવમેદની અને ભારે ભીડને ધ્યાનમાં રાખીને વસ્ત્રાલ પોલીસ પહેલેથી જ પૂરતી એલર્ટ થઈ ગઈ છે. ખિસ્સાકાતરુઓ, લૂંટારુઓ કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવ બજારોમાં ન બને, તે માટે સાદી વેશભૂષામાં પણ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. નાગરિકો કોઈપણ પ્રકારના ડર વગર પોતાના પરિવાર સાથે ખુશીથી અને સુરક્ષિત રીતે તહેવાર ઉજવી શકે, તે માટે વસ્ત્રાલ પોલીસે ખાસ તકેદારીના પગલાં લીધા છે.

છરીની અણીએ લૂંટ ચલાવનાર બે શાતિર શખ્સો ગણતરીના કલાકોમાં જ જેફરી પહોંચ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને મજબૂત રાખવા તથા ગુનાખોરી પર અંકુશ મેળવવા માટે શહેર પોલીસ સતત સક્રિય છે. આ જ ક્રમમાં અમદાવાદના કાગડાપીઠ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડની ટીમે ઉત્કૃષ્ટ કામગીરીનું ઉદાહરણ પૂરું પાડતા છરી બતાવીને નિર્દોષ નાગરિકોને લૂંટી લેનાર બે કુખ્યાત આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસની આ ત્વરિત અને આક્રમક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.


પ્રાપ્ત વિગતો અનુસાર, કાગડાપીઠ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં થોડા સમય પહેલાં એક ગંભીર લૂંટની ઘટના બની હતી. ફરિયાદી તથા સાક્ષીને અજાણ્યા શખ્સોએ છરી બતાવીને ડરાવી-ધમકાવી હતી અને તેમની પાસેથી મોંઘોમોટો મોબાઈલ ફોન તેમજ રોકડ રકમની બળજબરીપૂર્વક લૂંટ ચલાવીને નાસી છૂટ્યા હતા. જાહેરમાં હથિયાર બતાવીને આચરવામાં આવેલી આ લૂંટના બનાવથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી અને ભોગ બનનારે ન્યાય માટે પોલીસના દરવાજા ખખડાવ્યા હતા.

AMCમાં બાપુઓની તાનાશાહી કે ભ્રષ્ટાચાર છુપાવવાની ચાલ?

મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સેન્ટ્રલ ઓફિસ બહાર વિચિત્ર બોર્ડના ધામા: "પ્રમોશનની પૂછપરછ માટે આવવું નહીં!" – આખરે કર્મચારીઓના હક પર તરાપ કે અંદરનો કોઈ મોટો ખેલ?

અમદાવાદ

ગુજરાતના પાવરફુલ અને આર્થિક રીતે સમૃદ્ધ ગણાતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માંથી એક અત્યંત ચોંકાવનારા, રોષ ફેલાવનારા અને સવાલોના ઘેરામાં ઊભા કરનાર અહેવાલ સામે આવ્યા છે. AMC ની સેન્ટ્રલ ઓફિસ (મુખ્ય કચેરી) ની બહાર વહીવટી તંત્ર દ્વારા એક એવું સૂચના બોર્ડ અથવા નિયમ મૂકવામાં આવ્યો છે, જેને જોઈને ખુદ કર્મચારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. બોર્ડ પર સ્પષ્ટ શબ્દોમાં લખવામાં આવ્યું છે કે – 'પ્રમોશન (બઢતી) ની પૂછપરછ માટે અહીં આવવું નહીં!'



પ્રજાના સેવકો ગણાતા અને રાત-દિવસ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પરસેવો પાડતા કર્મચારીઓ જો પોતાના હક અને પ્રમોશન બાબતે સવાલ પણ ન પૂછી શકે, તો આ કેવા પ્રકારનું શાસન છે? AMC ના આ તાનાશાહી વલણ સામે હવે કર્મચારીઓ અને સવાલો ઉઠાવનારાઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

કોઈપણ સંસ્થા કે સરકારી વિભાગમાં કામ કરતા કર્મચારીઓ માટે સમયસર પ્રમોશન મેળવવું એ તેમનો કાયદેસરનો અને નૈતિક અધિકાર છે. જો કોઈ કર્મચારી પોતાની ફાઈલ ક્યાં અટકી છે, પ્રમોશનની પ્રક્રિયા ક્યારે આગળ વધશે કે નિયમો મુજબ તેનો વારો ક્યારે આવશે તે જાણવા માટે ઉપરી અધિકારીઓ કે સેન્ટ્રલ ઓફિસમાં જાય, તો તેને અટકાવવા માટે આવા પ્રતિબંધિત બોર્ડ લગાવી દેવા તે કયા લોકશાહીના ધોરણો છે?

લોકોમાં અને કર્મચારીઓમાં હવે એવી પ્રબળ ચર્ચાઓ ચાલી રહી છે કે શું AMC ના વહીવટી તંત્રમાં બધું જ શંકાસ્પદ ચાલી રહ્યું છે? જો અંદર બધું પારદર્શક હોય, તો પછી કર્મચારીઓને પૂછપરછ કરતા અટકાવવા માટે આવાં બોર્ડ લગાવવાની કયા કારણસર જરૂર પડી? શું પ્રમોશનના નામે કોઈ ગોલમાલ કે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે જેને છુપાવવા માટે આ કિમિયો અસામાજિક કે ભ્રષ્ટ તત્વો દ્વારા અપનાવવામાં આવી રહ્યો છે?

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન જેવા વિશાળ તંત્રમાં અવારનવાર કરોડો રૂપિયાના વિકાસ કાર્યોના દાવાઓ થાય છે, પરંતુ કર્મચારીઓ સાથેના આ પ્રકારના અન્યાયી અને દમનકારી વ્યવહારે તંત્રની આંતરિક પોલ ખોલી નાખી છે.

ખાખીની છત્રછાયામાં વ્યાજખોરનો આતંક! : શહેરના શાહપુરમાં સીઝીંગની આડમાં ચાલતો વ્યાજખોરીનો ખેલ

મૂડી ચૂકતે છતાં ગાડી પચાવી પાડનાર ઘનશ્યામ નાયક પર કયા પોલીસવાળાના આશીર્વાદ?

અમદાવાદ

ગુજરાતમાં ગેરકાયદેસર વ્યાજખોરીના દૂષણને ડામવા માટે રાજ્ય સરકાર ભલે લાખ દાવા કરતી હોય, પરંતુ હકીકત એ છે કે કેટલાક બેફામ બનેલા વ્યાજખોરો અને ફાઇનાન્સરો સામાન્ય નાગરિકોની જીવાદોરી ડૂબાડવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. અમદાવાદના સંવેદનશીલ ગણાતા શાહપુર વિસ્તારમાંથી એક એવો જ ખળભળાવતો અને રુંવાડા ઉભા કરી દે તેવો મામલો સામે આવ્યો છે, જેણે પોલીસ તંત્રની કામગીરી સામે પણ ગંભીર સવાલો ખડા કરી દીધા છે. શાહપુરમાં સીઝીંગ (વાહનો જપ્ત કરવાના) ધંધાની સાથેસાથે બેફામ વ્યાજનો કાળો કારોબાર



ચલાવતા ઘનશ્યામ નાયક નામના શખ્સે આંતરશાહી આતંક મચાવ્યો છે.

આ સમગ્ર પ્રકરણે ત્યારે મોટો ધડાકો કર્યો જ્યારે ભોગ બનનાર પીડિત પ્રણવ મિસ્ત્રીએ પોતાની આપવીતી જગાજાહેર કરી. પ્રાપ્ત વિગતો અને પ્રણવ મિસ્ત્રીના આક્ષેપો મુજબ, તેમણે વ્યાજે લીધેલા નાણાંના બદલે અગાઉ જ મૂડીની રકમ સંપૂર્ણપણે પાછી ચૂકવી દીધી હતી. નિયમો અને હિસાબ મુજબ લેણાં રદ થઈ ગયા હોવા છતાં, ઉઘાડી લૂંટ ચલાવતા ઘનશ્યામ નાયકે તેમની ગાડી જબરદસ્તી પોતાની પાસે દબાવી રાખી છે અને મુક્ત કરવાના બદલે વધુ માતબર રકમની ગેરકાયદેસર માંગણી કરી રહ્યો છે. મૂડી પરત કરી દીધા પછી પણ વાહન છોડવા માટે રોજબરોજ ધાકધમકીઓ આપવામાં આવી રહી છે, જેને કારણે ભોગ બનનારનો પરિવાર માનસિક તાણ અને ભયના સાાયા હેઠળ જીવી રહ્યો છે. સૌથી મોટો અને ગંભીર સવાલ એ ઊભો થાય છે કે, કાયદાની કડક જોગવાઈઓ હોવા છતાં ઘનશ્યામ નાયક જેવા તત્વો આટલી બેફામ દાદાગીરી કઈ તાકાતના જોરે કરી રહ્યા છે?

AMCનો નિર્ણય, હવે તમામ કમિટીઓના એજન્ડા ડિજિટલ માધ્યમથી મોકલાશે

અમદાવાદ

પર્યાવરણની જાળવણી અને વહીવટી ખર્ચમાં ઘટાડો કરવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે સામાન્ય સભા સહિત તમામ કમિટીઓના એજન્ડા ડિજિટલ માધ્યમથી મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્યાર સુધી સામાન્ય સભા અને સ્ટેન્ડિંગ કમિટી સહિતની વિવિધ કમિટીઓના એજન્ડા કાગળ પર છાપીને કોર્પોરેટરો, કમિટીના સભ્યો અને સંબંધિત અધિકારીઓને મોકલવામાં આવતા હતા. હવે આ વ્યવસ્થામાં ફેરફાર કરીને એજન્ડા ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવશે. સામાન્ય સભાના એજન્ડા માટેની નવી વ્યવસ્થા ચાલુ નવેમ્બર મહિનાથી અમલી બનશે. હાલમાં વિવિધ કમિટીઓની બેઠક પહેલાં એજન્ડાની પ્રિન્ટેડ નકલો તૈયાર કરીને સભ્યો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. આ પ્રક્રિયામાં મોટા પ્રમાણમાં કાગળનો ઉપયોગ થતો હતો. એજન્ડા છાપવા ઉપરાંત તેની નકલોનું વિતરણ કરવા માટે પણ ખર્ચ થતો હતો.



સંક્ષીપ્ત સમાચાર

નરોડામાં જમવા બાબતે ઉશ્કેરાયેલી પત્નીએ નિવૃત્ત આર્મીમેન પતિની છાતીમાં ચપ્પુ ભોંકીને કરી દીધી હત્યા

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા નરોડા વિસ્તારમાંથી એક અત્યંત હચમચાવનારી અને રુંવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે. સામાન્ય બાબતો અને ઘરકંકાસ કેટલો ખતરનાક સ્વરૂપ ધારણ કરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ આ કરુણ ઘટનામાં જોવા મળ્યું છે. નરોડા વિસ્તારમાં રહેતા અને દેશની સરહદો પર સેવા આપી ચૂકેલા એક નિવૃત્ત આર્મીમેનની તેમની જ પત્ની દ્વારા ઘાતકી હત્યા કરી નાખવામાં આવતા સમગ્ર વિસ્તારમાં અને પોલીસબેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અને પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતક નિવૃત્ત આર્મીમેન દિલીપભાઈ સોમાજી ખરાડી અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા સ્માર્ટ સિટી-૨ સોસાયટીમાં પોતાની પત્ની નિર્મલાબેન અને પરિવાર સાથે રહેતા હતા. દિલીપભાઈ ભારતીય સેનામાંથી વર્ષ ૨૦૨૨માં નિવૃત્ત થયા બાદ હાલ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) માં કોન્ટ્રાક્ટ આધારિત ડ્રાઇવર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા હતા. મળતી માહિતી મુજબ, દિલીપભાઈ અને તેમના પત્ની નિર્મલાબેન વચ્ચે છેલ્લા લગભગ એક વર્ષથી નાની-નાની બાબતો, ઘરકામ, નાણાકીય વ્યવહારો અને કૌટુંબિક મુદ્દાઓને લઈને અવારનવાર ઘરકંકાસ તથા બોલાચાલી થતી હતી.

વેપારીએ જમીનના વિવાદમાં કેનાલમાં ઝંપલાવી દીધું: ઘરમાંથી સુસાઇડ નોટ મળી

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે આવેલી જમીન મામલે ચાલતા વિવાદમાં સીધી લીટીના વારસદારો અને બે ભાગીયા દ્વારા સતત માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાના પગલે છેલ્લે કંટાળી કરાઈ ખાતે નર્મદા કેનાલમાં કુદી આપઘાત કરી લીધો હતો. ઘરમાંથી સુસાઇડ નોટ મળી આવી હતી. વેચવા માટે આપેલી જમીન માં સીધી લીટીના વારસદારો દ્વારા વાંધા અરજી કરવામાં આવતા જમીનની એન્ટ્રી સર્ટિફાઇડ થતી નહોતી. તેઓ દ્વારા સતત માનસિક ત્રાસ આપવામાં આવતા તેઓ ચિંતામાં રહેતા હતા. જેથી તેઓએ આપઘાત કરી લેતા આ મામલે નરોડા પોલીસ સ્ટેશનમાં બે ભાગ્યા સહિત આઠ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નરોડા વિસ્તારમાં આવેલી મોહનનગર સોસાયટીમાં રહેતા દર્શક હસમુખભાઈ પટેલના પિતા હસમુખભાઈની ડભોડા ખાતે જમીન આવેલી છે. જેમની બાજુમાં મગનદાસ પટેલની 4.5 વીઘા જમીન હતી. જે જમીનને દર્શક પટેલના દાદાએ વેચાણથી લીધી હતી. આ જમીન અગાઉ વાવવા માટે દિલીપજી સોલંકી અને ઉદાજી સોલંકીને ભાગીયા તરીકે આપી હતી.

નિકોલમાં ફટાકડાના તણખાથી ખુલ્લા મેદાનના ઝાડી-ઝાંખરામાં ભીષણ આગ

દિવાળી ટાણે ફટાકડાનો તણખો પડતાં ઝાડી-ઝાંખરામાં જોતજોતામાં વિકરાળ આગ ભભૂકી ઊઠી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર ગણાતા નિકોલમાં દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડતી વખતે ઉડેલો એક ધગધગતો તણખો ખુલ્લા મેદાનમાં રહેલા સૂકા ઝાડી-ઝાંખરામાં પડતાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. નિકોલના ડી-માર્ટ રોડ પર આવેલા ખુલ્લા પ્લોટમાં પડેલા સૂકા કચરા અને ઝાડીઓમાં આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આકાશમાં ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા ઉડવા લાગતાં અને આગની જ્વાળાઓ દૂર-દૂર સુધી દેખાતાં માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ તથા સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો અને નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી, પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી ખુલ્લા મેદાનમાં લાગેલી આગ વધુ પ્રસરે અને નજીકના રહેણાંક કે વ્યાપારી એકમો તરફ આગળ વધે તે પહેલાં સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ઘાટલોડિયામાં જડતરકામ માટે આપેલું 27.60 લાખનું સોનું લઈને કારીગર છૂમંતર

ઘરેથી જડતરકામ કરતા વેપારીએ ઓળખીતા કારીગરને લાખોના સોનાના દાગીના કામ અર્થે સોંપ્યા હતા અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય રાજેશભાઈ વિરજીભાઈ પટેલ ઘરેથી જ સોનાના દાગીના પર જડતરકામ કરવાનો વ્યવસાય કરે છે. વ્યવસાય અર્થે તેમણે પોતાના પરિચિત કારીગર લક્ષ્મીનારાયણ મદનલાલ સોનીને જડતરકામ માટે સોનાના વિવિધ દાગીના આપ્યા હતા. જેમાં ગત ૩૦ ઓક્ટોબરના રોજ બપોરે આશરે સાડા ચાર વાગ્યે ૧૮૪.૯૧૦ ગ્રામ વજન ધરાવતો સોનાનો સેટ તથા ૪૯.૫૦૦ ગ્રામની બુટ્ટીની જોડી આપવામાં આવી હતી. ત્યારબાદ ૧ નવેમ્બરે ૧૯.૮૫૦ ગ્રામ સોનાનું કુંદન અને ૨ નવેમ્બરે બપોરે અઢી વાગ્યાના સુમારે ૨૧.૭૯૦ ગ્રામ વજનના સોનાના ચાર પીસ મળી તબક્કાવાર કામ કરવા માટે સોંપવામાં આવ્યા હતા. કામ પૂર્ણ થતાં દાગીના પરત લેવા સંપર્ક કર્યો તો ફોન સ્વિચ ઓફ મળ્યો, ઘરે પહોંચતા તાળું લટકતું જોવા મળ્યું અને ગત ૨ નવેમ્બરે રાજેશભાઈએ અગાઉ આપેલા સોનાના દાગીના પરત મેળવવા માટે કારીગર લક્ષ્મીનારાયણને ફોન કર્યો હતો. જોકે, કારીગરે ફોન ન ઉપાડતાં કે કોઈ પ્રત્યુત્તર ન આપતાં રાજેશભાઈને શંકા ગઈ હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI